RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 317* Date: 14.09.2021 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### જૂનાગઢમાં ઝાંઝરડા ગરનારામાં કમમરડૂબ વરસાદી પાણી ભરાઇ જતાં એને બંધ કરવાની મનપાને ફરજ પડી

# સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ : જૂનાગઢ શહેરના ત્રણ ડેમો ઓવરફ્લો



ગિર સોમનાથ, તા.૧૩

ભારે વરસાદને પગલે જિલ્લાના આણંદપુર ગામ નજીક નદીમાં ગાડી ખાબકી હોવાની પણ ઘટના સામે આવી છે. જોકે સદનસીબે આ બનાવમાં કોઇ જાનહાનિ થઇ નથી. ગાડીમાં સવાર એક જ વ્યક્તિને હાથના ભાગે સામાન્ય ઇજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. ગાડી પાણીના પ્રવાહમાં ફસાઇ જતાં એને ક્રેઇન વડે બહાર કાઢવામાં આવી હતી.

જૂનાગઢથી જામનગર અને રાજકોટ જવાના મુખ્ય માર્ગ પર વરસાદી પાણી ભરાયા હોવાને પગલે સુરક્ષાને ધ્યાને લઇ એસટી સેવા થોડા સમય માટે બંધ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ભારે વરસાદને પગલે ગિરનાર તળેટીમાં આવેલા દામોદર કુંડમાં ધસમસતું વરસાદી પાણી વહેતું જોવા મળતું હતું. ગિરનાર પર પડી રહેલા ભારે વરસાદ સાથે ભારે પવન ફૂંકાય રહ્યો હોવાથી રોપ-વે સેવા આજે બંધ રાખવાની ફરજ પડી છે. ગિરનારના જંગલમાં ભારે વરસાદ પડતાં જૂનાગઢ શહેર જળબંબાકાર થયું છે. જૂનાગઢ રાજકોટ નેશનલ હાઈવેને જોડતા રસ્તા પર પૂર પાણી ફરી વળ્યાં છે, જ્યારે દોલતપરા વિસ્તારમાં અનેક દુકાનો અને મકાનોમાં પાણી ઘૂસ્યાં છે. પાણીના નિકાલ માટે મનપા દ્વારા કોઈ વ્યવસ્થા ન કરાઈ હોવાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી લોકોએ પાણીના નિકાલ માટે ડિવાઈડર તોડવાની શરૂઆત કરી છે, જો ડિવાઈડર તોડવામાં ન આવે તો લોકોનાં ઘરમાં પાણી ઘૂસી એવી શક્યતા છે.

જૂનાગઢમાં ઝાંઝરડા ગરનારામાં કમમરડૂબ વરસાદી પાણી ભરાઇ જતાં એને બંધ કરવાની મનપાને ફરજ પડી હતી. તો શહેરની મધ્યે આવેલા પ્રખ્યાત નરસિંહ મહેતા સરોવર ઓવરફ્લો થઇ જતાં આસપાસના વિસ્?તારો અને રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતાં, જ્યારે શહેરના મજેવડી દરવાજાથી સાબલપુર ચોકડી સુધીના મુખ્?ય રસ્?તા પર વરસાદી પાણી ભરાઇ જતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો છે.ગત રાત્રિથી જૂનાગઢ જિલ્લાના નવેય તાલુકામાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે, જેમાં ૨ ઇંચથી લઇને ૧૪ ઇંચ જેટલો ભારે વરસાદ વરસતાં વાતાવરણમાં ઢંડક પ્રસરી ગઇ છે. ભારે વરસાદને પગલે લોકો અને ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. જ્યારે આજે સવારે જિલ્લાના વિસાવદર પંથકમાં ચાર કલાકમાં ૧૫ ઇંચ વરસાદ વરસી ગયો છે, જેને પગલે પંથકનાં નદી-નાળાઓમાં વરસાદી પાણીના નવા નીર ધસમસતા વહેતા જોવા મળતા હતા. ગિરનાર પર્વત પર અને જૂનાગઢ શહેરમાં પણ ૬થી ૧૦ ઇંચ જેવો ભારે વરસાદ વરસી જતાં મહાનગરની મધ્યમાંથી પસાર થતી સોનરખ અને કાળવા નદીમાં ઘોડાપૂર આવ્યાં છે અને નરસી મહેતા સરોવર ઓવરફ્લો થતાં આસપાસના વિસ્?તારો-રસ્?તાઓ પર વરસાદી પાણી ફરી વળ્યાં હતાં. ગિરનારમાં પડેલા ભારે વરસાદને પગલે જૂનાગઢ શહેરની જીવાદોરી સમાન વિલિંગ્ડન ડેમ ઓવરફ્લો થઇ ગયો છે. જૂનાગઢ જિલ્લાના નવેય તાલુકામાં ગતરાત્રિથી અવિરત ક્યાંક ભારે તો ક્યાંક અતિભારે વરસાદ વરસી રહ્યો છે. આ ભારે વરસાદથી ખેડૂતોના મૂરઝાઇ રહેલા પાકને જીવતદાન સમાન હોવાથી જગતના તાતમાં હરખની હેલી પ્રસરી ગઇ હતી. જ્યારે રવિવારની રાત્રિથી સોમવારની બપોર સુધી જિલ્?લાના નવેય તાલુકામાં અવિરત વરસી રહેલા વરસાદને પગલે વાતાવરણમાં ઢંડક પ્રસરી ગઇ હતી. જૂનાગઢ જિલ્લાના નવેય તાલુકામાં રવિવારની રાત્રે ૧૦થી સોમવારે બપોરે ૧૨ વાગ્?યા સુધીમાં પડેલા સાર્વત્રિક વરસાદમાં સૌથી વધુ વિસાવદરમાં ૧૪ ઇંચ, જૂનાગઢમાં ૬ ઇંચ, કેશોદમાં ૩ ઇંચ, ભેંસાણમાં ૩ ઇંચ, મેદરડામાં ૨.૫ ઇંચ, માંગરોળમાં ૨.૫ ઇંચ, માણાવદરમાં ૩ ઇંચ, માળિયાહાટીમાં ૨ ઇંચ અને વંથલીમાં ૩.૫ ઇંચ વરસાદ વરસ્?યો હોવાનું કંટ્રોલરૂમમાંથી જાણવા મળ્યું છે. જૂનાગઢ જિલ્લામાં સૌથી વધુ વિસાવદર પંથકમાં મેઘમહેર થઇ છે, જેમાં આજે સવારે ચાર કલાકમાં વિસાવદર શહેર અને ગ્રામ્ય પંથકમાં ૧૨ ઇંચ જેવો ભારે વરસાદ વરસી જતાં પંથકનાં નદી-નાળાઓમાં ધસમસતા વરસાદી પાણી વહેતાં થયાં હતાં. વિસાવદરના ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ પર પણ પાણી ભરાઇ ગયાં છે. જ્યારે પંથકનાં ખેતરો પાણીથી તરબોતર થઇ ગયાં હતાં. જિલ્?લામાં પડેલા ભારે વરસાદને પગલે જિલ્લાનાં તમામ જળાશયોમાં નવા નીરની આવક થયેલી જોવા મળી હતી. ગત રાત્રાથી જૂનાગઢ શહેર અને ગિરનાર પર્વત પર ભારે વરસાદ વરસી રહ્યો છે. એમાં રાત્રિ દરમિયાન ૨ ઇંચ, જ્યારે આજે સવારે ૬થી બપોરે ૧૨ વાગ્?યા સુધી ૬ કલાકમાં ૪ ઇંચ જેવો ભારે વરસાદ વરસી ગયો હતો, જ્યારે ગિરનાર પર્વત પર ૧૦ ઇંચથી વધુ વરસાદ વરસ્?યો હોવાનું અનુમાન થઇ રહ્યુ છે. ગિરનાર પર્વત પર પડેલા ભારે વરસાદના પાણીથી ડેમમાં આવક થતી હોવાને પગલે જૂનાગઢ શહેરની જીવાદોરી સમાન વિલિંગ્ડન, આણંદપુર અને હસ્નાપુર ત્રણેય ડેમ ઓવરફ્લો થઇ ગયા છે, જેથી શહેરની પીવાના પાણીની જરૂરિયાત મહદંશે પૂરી થઇ ગઇ હોવાનું જાણકારો જણાવી રહ્યા છે. ભારે વરસાદને પગલે જૂનાગઢ શહેરની મધ્યમાંથી પસાર થતી કોળવા અને સોનરખ નદીમાં ઘોડાપૂર આવ્યું છે. કાળવા નદીમાં ઘોડાપૂર આવ્યાના ઊંચાઈ પરથી લેવાયેલા વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયા છે. એમાં કાળવા નદીનો આહ્લાદક નજારો જોવા મળ્યો હતો. જૂનાગઢવાસીઓના મતે કાળવા નદીમાં ભાગ્યે જ આટલું પાણી આવતું હોય છે. જ્યારે ગત રાત્રિથી ગિરનાર પર્વત અને શહેર પર પડી રહેલા ભારે વરસાદથી જૂનાગઢના અનેક વિસ્?તારો-માર્ગો પર ઠેર ઠેર પાણી ભરાઈ ગયાં હતાં, જેને લીધે વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## સ્વિસ બેંક ખાતાની વિગતોનો ત્રીજો સેટ આ મહિને ભારતને આપશે




નવી દિલ્હી , તા.૧૩

ભારતને સ્વિસ બેંકો તરફથી ભારતીયોની ખાતાની માહિતી સૌથી પહેલા સપ્ટેમ્બર, ૨૦૧૯મા મળી હતી જ્યારે માહિતીના બીજા સેટને સપ્ટેમ્બર ૨૦૨૦માં ભારતને સોપવામાં આવ્યો હતો. તેથી હાલ સપ્ટેમ્બર મહિનો હોવાથી ત્રીજો સેટ પણ ભારત આવવાની તૈયારીમાં છે. જોકે આ વખતની માહિતીમાં મોટી સંખ્યામાં ભારતીયોની વિગતો મળી શકે છે. કેમ કે પ્રથમ વખત રીઅલ એસ્ટેટની માહિતી પણ સોપાશે, તેથી મોટી કંપનીઓ અને બિલ્ડર લોબીના બેંકોમાં જમા નાણા સહિતની વિગતો મોટી સંખ્યામાં મળે તેવી શક્યતાઓ છે. ભારત અને સ્વિત્ઝર્લેન્ડ વચ્ચે થયેલા કરારો અંતર્ગત સ્વિસ બેંકો દ્વારા ભારતીયોના ખાતા, નાણા અને સંપત્તિ અંગેની માહિતીનો ત્રીજો સેટ આ મહિને ભારતને સોપવામાં આવશે. જોકે પ્રથમ વખત સ્વિત્ઝર્લેન્ડમાં ભારતીયો પાસે કેટલી સંપત્તિ રીઅલ એસ્ટેટમાં છે તેની માહિતી પણ ભારતને સોપવામાં આવશે. કાળા નાણા સામેની કાર્યવાહીના ભાગરુપે ભારતને આ માહિતી સ્વિસ બેંકો તરફથી અગાઉ બે વખત મળી ચુકી છે. પ્રથમ વખત સ્વિત્ઝર્લેન્ડમાં ભારતીયોની માલિકીના ફ્લેટ્સ, એપાર્ટમેન્ટ્સ સહિતની માહિતી આપવામાં આવશે. આ સંપૂર્ણ માહિતી આ મહિનાના અંત સુધીમાં ભારતને સોપવામાં આવશે. આ માહિતી મળ્યા બાદ તેની ચકાસણી કરવામાં આવશે અને તેમાં બ્લેક મની કેટલી છે તેનું અલગથી તારણ કાઢવામાં આવશે. ભારતીઓની રીઅલ એસ્ટેટની સંપત્તિ સાથે સંકળાયેલી માહિતી આપવામાં આવશે તેમાં આ સંપત્તિ દ્વારા કેટલી કમાણી કરવામાં આવી તેની વિગતો પણ સામેલ કરવામાં આવશે. સરકાર એ તપાસ કરશે કે આવી સંપત્તિ અને તેનાથી થયેલી કમાણી વગેરેને ભારતમાં ટેક્સ ભરવામાં આવ્યો તેની સાથે કોઇ નાતો છે કે કેમ. એવા અહેવાલો છે કે આ મહિનાના અંત સુધીમાં આ સંપૂર્ણ માહિતી ભારતને સ્વિત્ઝર્લેન્ડ દ્વારા સોપવામાં આવશે. નોંધનીય છે કે આ વર્ષે જુલાઇ મહિનામાં સરકારે લોકસભામાં જણાવ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં વિદેશમાં કેટલુ કાળુ નાણુ ગયું તેની કોઇ સત્તાવાર માહિતી નથી. જોકે સરકાર આવા કોઇ પણ પ્રકારના નાણાને પકડી પાડવાના પ્રયાસો કરી રહી છે.

### કોરોના મહામારીને કારણે અમેરિકાના અર્થતંત્ર પર ગંભીર અસર

## સાઉદી અરબમાંથી પેટ્રિયટ મિસાઈલો અમેરિકાએ હટાવી

વોશિંગ્ટન , તા.૧૩

અમેરિકાની રણનીતિમાં ફેરફારનું એક મહત્વનું કારણ કોરોના મહામારી પણ છે. કોરોના મહામારીની અસર અમેરિકન અર્થતંત્ર પર ગંભીર અસર પડી છે. તેથી અમેરિકાએ ઓછામાં ઓછા દેશો પર સૈનિકોની નિયુક્તિ કરીને અમેરિકન સૈન્ય ખર્ચ ઘટાડવાનો નિર્ણય કર્યો છે. આ કારણથી પણ અમેરિકાને વિવિધ દેશોમાં નિયુક્ત તેના સૈનિકો અને તેના સંરક્ષણ સાધનો હટાવી રહ્યું છે. તે હવે દુશ્મન નંબર-૧ અને ૨ની દૃષ્ટિએ તેની રણનીતિ બનાવવા ફરજ પડી છે. અમેરિકાએ ૨૦૧૯ના અંતમાં સાઉદી અરબમાં તેની અત્યાધુનિક એડવાન્સ એર ડિફેન્સ સિસ્ટમ અને હજારો સૈનિકો તૈનાત કર્યા હતા. તે સમયે હુતી બળવાખોરોના સાઉદીની ક્રૂડ ઓઈલ કંપની પર હુમલાના કારણે ક્રૂડનું ઉત્પાદન ઘટી ગયું હતું અને આખી દુનિયામાં ક્રૂડ ઓઈલના ભાવમાં અસાધારણ વધારો થયો હતો .અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સૈનિકોને પાછા બોલાવી લીધાના એક જ મહિનામાં અમેરિકાએ સાઉદી અરબમાં તૈનાત પેટ્રિયટ મિસાઈલ સિસ્ટમ અને ટર્મિનેટ હાઈ એલ્ટિટ્યુડ એરિયલ ડિફેન્સ સિસ્ટમ હટાવી દીધી છે. સાઉદી અરબ પર યમનના હુથી બળવાખોરોના હુમલા છતાં ડિફેન્સ સિસ્ટમ હટાવવાના અમેરિકાના નિર્ણયથી વૈશ્વિક જગત આશ્ચર્યચકિત છે અને બધાના મનમાં એક જ સવાલ છે કે બાઈડેન તંત્રે આ પગલું કેમ ઉઠાવ્યું? જોકે, સૂત્રોનું કહેવું છે કે અમેરિકાએ હવે તેના સૌથી મોટા દુશ્મન ચીનને ધ્યાનમાં રાખીને રણનીતિ ઘડતાં પ્રશાંત મહાસાગરમાં ચીનનો વધતો પ્રભાવ રોકવા ઓસ્ટ્રેલિયામાં પેટ્રિયટ મિસાઈલો ગોઠવ્યા છે. અફઘાનિસ્તાનમાંથી અમેરિકાના નેતૃત્વમાં નાટો દળોને પાછા ખેંચી લેવાના નિર્ણય પછી અમેરિકાએ સાઉદી અરબમાંથી તેની શક્તિશાળી પેટ્રિયટ મિસાઈલો હટાવવાનો આશ્ચર્યજનક નિર્ણય કર્યો છે. વધુમાં અમેરિકાએ આ ડિફેન્સ સિસ્ટમ એવા સમયે હટાવી લીધી છે જ્યારે સાઉદી અરબ યમનના હુથી બળવાખોરોના હુમલાનો સામનો કરી રહ્યું છે. એક અહેવાલો મુજબ હુથી બળવાખોરોના ઓઠા હેઠળ હકીકતમાં ઈરાન સાઉદી અરબ પર ડ્રોન હુમલા કરી રહ્યું છે. ઈરાને આ અહેવાલોને ફગાવી દીધા છે. ઈરાનનો સામનો કરવા માટે અમેરિકાના હજારો સૈનિકો તૈનાત હોવા છતાં અખાતના રાષ્ટ્રો અમેરિકાની ભાવી યોજના અંગે ચિંતિત છે. જોકે, સંરક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે અમેરિકાએ હવે તેની રણનીતિ બદલી છે.

## મીડિયા ભાજપ સરકાર પર ચૂપ છે જ્યારે કોંગ્રેસની યુપીએ સરકારની ટીકા કરતુ : રાહુલ ગાંધી

નવી દિલ્હી , તા.૧૩

૨૬/૧૧ મુંબઇ હુમલાને યાદ કરતા રાહુલે કહ્યું હતું કે આ હુમલો થયો ત્યારે તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહની બેકાર બતાવી દીધા હતા. જોકે પુલવામા હુમલા પછી મોદીને બહાદુર બતાવવામા આવ્યા હતા. મીડિયા તે સમયે બેકાર બની જશે જ્યારે આપણે સીધા લોકો સુધી પહોંચવાનું શરૂ કરી દઇશું.

રાહુલે આરોપ લગાવ્યો કે ચીને લદ્દાખમાં દિલ્હી જેટલો વિસ્તાર પચાવી પાડયો છે અને કેન્દ્રની મોદી સરકાર ચુપ છે. જમ્મુની મુલાકાતે ગયેલા રાહુલ ગાંધીએ કાશ્મીરી પંડિતોની મુલાકાત કરી હતી. તેમણે કહ્યું હતું કે હું ખુદ કાશ્મીરી પંડિતોના સમુદાયમાંથી આવું છું તેથી તેમનું દર્દ સારી રીતે જાણુ છું. રાહુલ ગાંધીએ પોતાના પરિવારને કાશ્મીરી પંડિત સમુદાયનો હિસ્સો ગણાવ્યો હતો.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે ચીને લદ્દાખમાં રાજધાની દિલ્હી જેટલો વિસ્તાર પચાવી પાડયો છે. રાહુલ ગાંધીએ આ દાવો કોંગ્રેસના વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઇના સભ્યો સાથેની બેઠક દરમિયાન કર્યો હતો. સાથે તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે મીડિયા ભાજપ સરકાર પર ચૂપ છે જ્યારે કોંગ્રેસની યુપીએ સરકારની ટીકા કરતુ રહેતુ હતું. સુત્રોને ટાંકીને અહેવાલોમાં દાવો કરાયો હતો કે રાહુલ ગાંધીએ એનએસયુઆઇ સાથેની આ બેઠકમાં કહ્યું હતું કે ચીને લદ્દાખમાં પુરા દિલ્હી જેટલો વિસ્તાર પોતાના કબજામાં લઇ લીધો છે.

### તમામ સગવડ સાથેનું શહેર બનશે અમેરિકાના રણમાં...

નવી દિલ્હી , તા.૧૩

માર્ક લોર અમેરિકાના રણમાં એવુ શહેર વસાવવા જઈ રહ્યા છે જ્યાં ટોકિયો જેવી સ્વચ્છતા હશે, ન્યૂયોર્ક જેવી વૈભવી જિંદગી હશે અને સ્વીડનના સ્ટોકહોમ જેવી સામાજિક સુવિધાઓ લોકોને મળશે. બીજા શબ્દોમાં કહીએ તો અહીયા રહેનારા લોકોની જિંદગી સ્વર્ગ જેવી હશે. આ શહેરમાં ૫૦ લાખ લોકોને વસાવવામાં આવશે. શહેરની ડિઝાઈન તૈયાર કરવાની જવાબદારી દુનિયાના સૌથી પ્રસિધ્ધ આર્કિટેક્ટને આપવામાં આવી છે. આ શહેર તૈયાર કરવા માટે ૪૦૦ અબજ ડોલરની જરૂર પડવાની છે અને આ શહે દોઢ લાખ એકરમાં ફેલાયેલુ હશે.

## સમય જ બતાવશે કે કોનું અસ્તિત્વ છે અને કોનું નહીં : પ્રિયંકા ગાંધી

નવી દિલ્હી , તા.૧૩

ભાજપ સતત કોંગ્રેસ પર હુમલો કરી રહ્યું છે તે અંગે પુછવામાં આવેલા સવાલના જવાબમાં પ્રિયંકાએ કહ્યું કે, એ તો સમય જ બતાવશે કે કોનું અસ્તિત્વ છે અને કોનું નહીં. જોકે, પ્રિયંકા ગાંધી અનેક સવાલોનો જવાબ આપવાથી દૂર પણ રહ્યા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અખિલેશ યાદવને અનુલક્ષીને અબ્બા જાનવાળું નિવેદન આપ્યું હતું તે મુદ્દે પ્રિયંકા ગાંધીએ કશું પણ બોલવાનું ટાળ્યું હતું. આના પહેલા ૨ દિવસ સુધી લખનૌમાં મેરેથોન બેઠકો કર્યા બાદ પ્રિયંકા ગાંધીએ રાયબરેલીની સરહદમાં પ્રવેશવાની સાથે જ ચુરૂવા સ્થિત હનુમાન મંદિરમાં દર્શન-પૂજા કર્યા હતા. હનુમાન મંદિરમાં દર્શન-પૂજન સાથે પ્રિયંકા ગાંધીએ રાયબરેલી પ્રવાસની શરૂઆત કરી હતી. તેમના સ્વાગત માટે કાર્યકરો ઉમટી પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે, પ્રિયંકા ગાંધીના માતા અને કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ સોનિયા ગાંધી રાયબરેલીના સાંસદ છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા ઉત્તર પ્રદેશમાં પાર્ટીના ચૂંટણી અભિયાનનું રણશિંગુ ફૂંકી ચુક્યા છે. ઉત્તર પ્રદેશની મુલાકાતે આવેલા પ્રિયંકા ગાંધી વાડ્રાએ કાર્યકરોની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત તેમણે નેતાઓ, કાર્યકરો સાથે ફોટો પડાવીને તેમનો ઉત્સાહ વધારવાનો પ્રયત્ન પણ કર્યો હતો. તેઓ જિલ્લાવાર સમીક્ષા બેઠકો પણ યોજવાના છે.

રાયબરેલી ખાતે કાર્યકરો સાથેની બેઠક બાદ પ્રિયંકા ગાંધી રવિવારે મોડી સાંજે અમેઠી પહોંચ્યા હતા. પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે, કોંગ્રેસ પાર્ટી સતત ચૂંટણીની તૈયારીઓ કરી રહી છે. તેઓ ચૂંટણીની તૈયારીઓ પર ફોકસ કરી રહ્યા છે અને પાર્ટીના કાર્યકરો સાથે સતત બેઠકો કરવામાં આવી રહી છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ

સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.

BM MAGIC WATERPROOFING

9624163945(M)

8690089211(W)

● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.

● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.

કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.

ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.

માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## તંત્રી સ્થાનેથી...

# ચીનને મજબૂત બનાવવામાં જગત જમાદાર અમેરિકાની ભુલો......!

*જગત જમાદાર અમેરિકા ઘણા સમયથી અનેક ભૂલો કરી રહ્યું છે અને તેનો લાભ ઉઠાવવાની ચીને એક પણ તક જવા દીધી નથી. અફઘાનીસ્તાનમા તાલીબાને પુનઃ શાસન પર કબજો જમાવતા અમેરિકાએ ઢાંકી દીધેલ ભૂલો જાહેર થઈ ગઈ છે તે સાથે જગત જમાદાર તરીકેનું એક ચક્રી શાસન ઝાખું પડી ગયું છે. ત્યારે એક કહેવત યાદ આવે છે કે કોઈનું પણ એક ચક્રી શાસન રહ્યું નથી અને રહેતું નથી તો અમેરિકાનું કઈ રીતે રહે....? બીજા વિશ્વયુદ્ધ પછી- કોલ્ડ વોરના અંતે અમેરિકાએ એક ચક્રીય જગત જમાદાર તરીકે જે નામના હાંસલ કરી હતી તેના હવે કાંગરા ખરવા લાગતા બેડોળ બનવા તરફ આગળ વધી રહ્યું છે. એક સમયે અમેરિકાને ડામાડોળ સ્થિતિમાં રાખતું રશિયા લોકશાહીના વાઘા પહેરવા જતાં તેના ભાગલા પડી ગયા અને આજે રશિયા એકલું છે તેથી અમેરિકાનો વૈશ્વિક સ્તરે સામનો કરવામાં થોડું પાછો પડે છે.... પરંતુ હવે તેનું સ્થાન ચીને લઈ લીધું છે કે જે ચારેય તરફથી શક્તિશાળી નેતૃત્વ ધરાવતું થઈ ચૂક્યું છે. અમેરિકા તરફી ગણાતુ પાકિસ્તાન ચીનના ખોળે કુદવા લાગ્યું છે. જયારે કે અમેરિકાએ અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ પાકિસ્તઃનની મદદથી સત્તા કબજે કરી ત્યારે સમજાયું કે તેણે પાક.ને સમજવામાં કેવી ભૂલ કરી છે. બીજી તરફ ચીન ભારતને ચારેતરફથી ઘેરવાનો પ્રયાસ કરી રહ્યુ છે. જેમાં તેણે નેપાળ સાથે સંબંધો વિકસાવી નેપાળને ભારત સામે ઉબાડીયા કરતું કરી લીધું છે. એ જ રીતે શ્રીલંકાનું બંદર ગાહ પર વિકાસ કરવાને? બહાને કબજો જમાવ્યા પછી ભીખ માગતું કરી દીધું છે અને તે એ હદે કે શ્રીલંકા નાદારી નોંધાવવાની કતારમાં પ્રથમ ક્રમે આવી ગયું છે. આને હાલના સમયે પાકિસ્તાનને પંપાળતાં પંપાળતાં ભારતના પાક.કબજા હેઠળના પોક વિસ્તાર સુધી ડેમ બાધવાના બહાને પહોંચી ગયું છે. અને હવે અફઘાનિસ્તાનને સહાય કરવાની તૈયાર બેઠુ છે. આ બાબતજ અમેરિકાને જગત જમાદાર તરીકે ખેરવી નાખવા માટે પૂરતી હોય તેમ નથી લાગતું.....!*

*અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાનું જ્યાં વર્ચસ્વ હતું તે અફઘાનિસ્તાન, દક્ષિણ કોરિયા, નાટોના બહાને યુરોપમાં. જાપાનની રક્ષાને નામે એશિયાની વિદેશી બાબતોનો ચૂંટણીમાં મુદ્દો બનાવી ઉછાળીને જીત મેળવી રાષ્ટ્રપતિ બની ગયા.... પરંતુ અમેરિકાને વિદેશી બાબતોમાં નબળુ પાડી દીધું. તેમજ સત્તા પર આવ્યા બાદ ચીન સાથે ટ્રેડ વોરની શરૂઆત કરતા ચીન સાથે સંબંધો બગાડ્યા અને ચીન અમેરિકા સામસામે આવી ગયા. જ્યારે કે વૈશ્વિક રાજનીતિમાં દુશ્મન દેશો વેપાર પણ સાથે મળીને કરે છે જેથી બંને દેશ હળીમળીને રહે અને તેનુ કારણ બંનેનું ધ્યેય પૈસા કમાવવાનું જ હોય છે. ટ્રમ્પે યુરોપ સામે પણ ચીનની જેવોજ વ્યવહાર કરતા યુરોપ ચીનના વિરોધ માટે તૈયાર નથી અને યુરોપ ચીનને રોકાણકાર તરીકે જોઈ રહ્યું છે. પરિણામે યુરોપ ચીનના સંબંધો સુધર્યા છે. ટ્રમ્પની વિદેશ નીતિમાં ખોટા નિર્ણયોને કારણે જે દેશો સાથે અમેરિકાના સબંધો બગડતા ગયા તે તે દેશો ચીન સાથે સંબંધો સુધારતા ગયા અને ચીનનો વેપાર વધી ગયો જેથી ચીન વધારે મજબૂત બની ગયુ...જ્યારે કે ચીન ઉદરની જેમ ફૂંકતુ ગયું અને આગળ વધી વેપાર વધારી દીધો. ટૂંકમાં ચીને તક ઝડપવામા કુનેહ વાપરી.... પરિણામે ચીન વિશ્વસ્તરે ટોપ ક્રમે પહોંચી જાય તેવી શક્યતા વધી જવા પામી છે......!*

*વંદે માતરમ્*

# અમેરિકી હુમલામાં સાઉદી સરકારનો કોઇ હાથ નહોતો : એફબીઆઇ

વોશિંગ્ટન , તા.૧૩

આ હુમલાની તપાસ કરી રહેલાં તપાસ પંચે જો કે તેની તપાસના અંતે એવું તારણ જરૂર રજુ કર્યું હતું કે સાઉદી અરેબિયાની સરકારે સીધી રીતે ત્રાસવાદીઓને કોઇ મદદ કે ટેકો આપ્યો નહોતો, પરંતુ તેના દ્વારા પ્રાયોજિત કેટલીક સખાવતી સંસ્થાઓએ આ હુમલાના ત્રાસવાદીઓને સહાય પૂરી પાડી હોવાની સંપૂર્ણ શક્યતા રહેલી છે.૨૦૦૧ની સાલમાં ૧૧ મી સપ્ટેમ્બરે ન્યૂયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર અલ-કાયદા દ્વારા કરવામાં આવેલા ત્રાસવાદી હુમલાને લગતાં ૧૬ પાનાના દસ્તાવેજને અમેરિકાની એફબીઆઇએ શનિવારે જાહેર કર્યા હતા જેમાં જણાયું હતું કે આ હુમલામાં સાઉદી અરેબિયાની સરકારની કોઇ સંડોવણી નહોતી. આ દસ્તાવેજમાં સાઉદી અરેબિયાના બે ત્રાસવાદીઓને જે લોકોએ સ્થાનિક સ્તરે તમામ પ્રકારની સહાય પૂરી પાડી હતી તેની વિગતો હતી, આ દસ્તાવેજમાં બે ત્રાસવાદીઓના સ્થાનિક લોકોના સંપર્કોને લગતી કેટલીક વિગતો હતી, પરંતુ આ સમગ્ર કાવતરામાં સાઉદી અરેબિયાની સંડોવણી હોવાની કોઇ વાત કરાઇ નહોતી. અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ જો બાઇડેને છેલ્લા કેટલાંય વર્ષોથી ધૂળ ખાતા કેટલાંક અત્યંત સંવેદનશીલ ગણાતા દસ્તાવેજોને જાહેક કરવાનો આદેશ આપ્યો હતો ત્યારબાદ એફબીઆઇએ ગઇકાલે એટલે કે આ ત્રાસવાદી હુમલાની ૨૦મી વર્ષીના દિવસે આ દસ્તાવેજ જાહેર કર્યો હતો. આ હુમલામાં માર્યા ગયેલા કેટલાંક લોકોના સગાં-વહાલાઓએ ન્યૂયોર્કની કોર્ટમાં એવા આક્ષેપ સાથે કેસ કર્યા છે કે આ ત્રાસવાદી હુમલામાં સાઉદી અરેબિયાની કોન્સ્યુલેટ કચેરીના એક વરિષ્ઠ અધિકારીએ સાઉદી અરેબિયાના ત્રાસવાદીઓને ઘમી સહાય કરી હતી. આ લોકો છેલ્લા ઘણા સમયથી પ્રમુખ બાઇડેન ઉપર સતત દબાણ કરી રહ્યા હતા કે સરકારે આ હુમલાને લગતા દસ્તાવેજ જાહેર કરવા જોઇએ. બીજી બાજુ સાઉદી અરેબિયાની સરકારે પણ છેલ્લા કેટલાંય વર્ષોથી આ હુમલામાં તેની કોઇ સંડોવણી હોવાનો ઇક્નાર કરી રહી હતી. સાઉદી અરેબિયાની વોશિંગ્ટન સ્થિત એમ્બેસી કચેરીએ બુધવારે કહ્યું હતું તે દસ્તાવેજો જાહેર કરાય તે બાબતને ટેકો આપે છે જેથી કરીને સાઉદી અરેબિયા ઉપર લાગી રહેલાં આરોપોનો કાયમ માટે અંત આવી જાય એમ્બેસી કચેરીએ કહ્યું હતું કે ત્રાસવાદી હુમલામાં સાઉદી અરેબિયાની સરકાર સંડોવાયેલી છે એવા જે આક્ષેપ થઈ રહ્યા ચે તદ્દન ખોટા અને જૂઠા છે.

# ફોર્ડ ગુજરાતમાં ઉત્પાદન બંધ કર્યા બાદ અમેરિકામાં ઈકોસ્પોર્ટ કારનું ઉત્પાદન-વેચાણ બંધ કરશે




વોશિંગ્ટન , તા.૧૩

૨૦૨૧માં ભારતમાં ઈકોસ્પોર્ટનું નવું મોડેલ ઈકોસ્પોર્ટ ફેસલિફ્ટ લોન્ચ થવાનું હતું, પરંતુ ફોર્ડ દ્વારા ભારતમાં પ્લાન્ટ બંધ કરવાના કારણે આ હવે આ લોન્ચ નહીં થાય. ફોર્ડ હવે ભારતમાં મસ્ટાંગ જેવા આયાતી મોડેલનું વેચાણ જ ચાલુ રાખશે.કંપનીની અપેક્ષા પ્રમાણે વેચાણ ન થતાં અને માંગમાં સતત ઘટાડાના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ભારતના બજારમાં વધુ વેચાણ પામેલી આ કાર ૨૦૧૩થી ઉપલબ્ધ છે અને અમેરિકામાં આ મોડેલને ૨૦૧૬માં લોન્ચ કરી ૨૦૧૮થી તેનું સામાન્ય બજારોમાં વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ અમેરિકન બજારમાં આ મોડેલને ધારી સફળતા મળી નથી.અમેરિકન ઓટોમોબાઈક કંપની ફોર્ડ અમેરિકાના બજારોમાં ઈકોસ્પોર્ટ કારનું ઉત્પાદન અને વેચાણ બંધ કરશે.

અમેરિકમાં ૨૦૧૬માં લોન્ચ બાદ આ મોડેલની માગમાં સતત ઘટાડાના કારણે ફોર્ડ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે ૨૦૨૨ના મધ્ય ભાગ સુધી તેનું વેચાણ ચાલુ રહેશે. ઉલ્લેખનીય છે કે આ મોડેલ અમેરિકામાં ભલે નિષ્ફળ રહ્યું હોય પરંતુ ભારતમાં આ કારનું વેચાણ મોટાપાયે થયું છે. ડેટ્રોઈ ફ્રી પ્રેસમાં પ્રકાશિત કરવામાં આવેલા એક અહેવાલ પ્રમાણે ફોર્ડ અમેરિકામાં ઈકોસ્પોર્ટ કારનું ઉત્પાદન અને વેચાણ બંધ કરશે, જો કે અમેરિકાના બજારોમાં હજુ એક વર્ષ સુધી આ મોડેલ મળતું રહેશે.

# ગાંધીનગર મનપા ચુંટણીને લઈને રહિશો દ્વારા ભાજપના આગેવાનોને ફરિયાદો કરી

ગાંધીનગર, તા.૧૩

હવે જ્યારે ગાંધીનગર મનપાની ચુંટણી થવા અંગેની જાહેરાત થયા બાદ તંત્ર દ્વારા સ્થાનિક લેવલે કામગીરી ફરી પુરજોશમાં શરૂ થઈ ગઈ છે તે દરમ્યાન ગાંધીનગર ભાજપના આગેવાનો હોદ્દેદારો અને પ્રતિનિધિઓને સ્થાનિકો દ્વારા અનેક ફરિયાદો કરવામાં આવી રહી છે તેવી સૂત્રો દ્વારા માહિતી મળેલ છે. ગાંધીનગરમાં કોર્પોરેશનમાં વિસ્તારમાં ફરી સત્તાના દાવા કરતાં ભાજપમાં માટે આ સમયે કપરાં ચઢાણ હોય તેવી લાગી રહ્યું છે. ભાજપના કેટલાક જૂના પદાધિકારીઓએ અને કોર્પોરેટર્સને કારણે નવા ઉમેદવારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.આખા સેક્ટરમાં દિવાલ કરીને એક ખુણો બાકી રાખ્યો છે. તમે ૧૦૦ વીઘા જમીનને ફરતે વાડ કરી એક રસ્તા ખુલ્લો રાખો તો મતલબ શું એનો? આ તો ખર્ચો માથે પડ્યો કહેવાય.' પોતાને બહારથી મજબૂત દેખાડતું શહેર ભાજપ આ વખતે અંદરથી ડરેલું છે. જેમાં મનપામાં ભાજપના જ બે જૂથો વચ્ચે ચાલેલી માથાકૂટો, ઘ-૪ અંડરપાસ, સે-૨૮-સરિતા ઉદ્યાન સહિતના ગાર્ડન, ફૂટપાથ, સે-૨૧ પાર્કિંગ કામોમાં ખામીઓએ લોકોમાં ભાજપની ખોટી છાપ ઉપસાવી છે. જુના પદાધિકારીઓ લઈને ગયેલા નિર્ણયનો ભોગ હાલ ભાજપના નવા ઉમેદવારોને બનવું પડે છે. ત્યારે નાગરિકોને રોષ પારખી ગયેલા ભાજપના હાજર લોકોએ પણ સ્વીકાર્યું હતું કે નાગિરકોની વાત સાચી છે એટલે તો બધા નવા જ ઉમેદવારોને ઉભા રખાયા છે. ભાજપની આ સ્થિતિ વોર્ડ નં-૧માં જ નહીં પરંતુ દરેક સ્થળે છે. જ્યાં નવા ઉમેદવારોને કોઈને કોઈ રીતે નાગરિકોના રોષનું ભોગ બનવું પડે છે. જ્યાં ઉમેદવારોને પોતાના જ પક્ષના નેતાઓ કરીને ગયેલી ભૂલો સ્વીકારવા સિવાય કોઈ રસ્તો રહેતો નથી. સ્માર્ટસિટીના નામે ગાંધીનગરમાં સેક્ટર્સના રિંગરોડ પર ડિવાઈડર અને દિવાલો ઉભી કરવા સામે અનેક નાગરિકોમાં રોષ છે. ત્યારે આ રોષનો ભોગ વોર્ડ નં-૧ ખાતે પ્રચાર માટે ગયેલા ભાજપના નવા ઉમેદવારોને બનવું પડ્યું હતું. કેટલાક સ્થાનિકોએ ભાજપના ઉમેદવારોને તેને સંભળાવ્યું હતું જેમાં નાગરિકોએ ડિવાઈડર મુદ્દે રજૂઆત કરી હતી કે, 'સેક્ટરોની અંદર કોઈ જરૂર નથી ડિવાઈડરની લોકો ઉપરથી પરેશાન થાય છે. ઓવરટેક કરવા પાંચ મિનિટ રાહ જોવી પડે છે. તમારે પ્રજાના હિતમાં કામ કરવું જોઈએ, તમે અગવડો ઉભી કરો છો.

# નેશનલ કમિશન ફાર વિમેન એ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળ ની સરકાર ની સણસણતી ટીકા કરી

મુંબઈ , તા.૧૩

રાજયમાં મહિલાઓની સલામતીનો મુદ્દો ફરી સામે આવ્યો છે અને તે માત્ર સરકારની બેદરકારીજ જવાબદાર છે. તેઓ ફક્ત તેમની ખુરશીને કેવી રીતે સુરક્ષિત રાખવી તેની કાળજી રાખે છે. તે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સંપૂર્ણતે નિષ્ફળ ગઈ છે. વિધાન પરિષદમાં વિપક્ષના નેતા પ્રવિણ દરેકરે મહાવિકાસ આઘાડી સરકાર પર આવી ટીકા કરી છે. પ્રવીણ દરેકરે કહ્યું, મુંબઈમાં બળાત્કારનો ભોગ બનેલી મહિલાનો મુદ્દો એજન્ડામાં છે. મુંબઈમાં મહિલાઓ આજે ડરી ગઈ છે. મુંબઈ એક આંતરરાષ્ટ્રીય શહેર છે જ્યાં ઘણા લોકો રહે છે અને સુરક્ષિત છે. આજે એ તસવીરમાં તિરાડ પડી છે. તેઓ સરકારની નિષ્ફળતા માટે જવાબદાર છે. કારણ કે, છેલ્લા કેટલાક દિવસોમાં આવા પ્રકાર મોટા પાયે બન્યા છે. આવી ઘટનાઓ વારંવાર બની રહી છે, જેનો અર્થ છે કે સરકાર ધ્યાન આપી રહી નથી. પોલીસ પર કોઈ નિયંત્રણ નથી. પોલીસ પાસે યોગ્ય માર્ગદર્શન નથી. ઉપરાંત, સરકાર ની પ્રાથમિકતાઓ બદલાઈ ગઈ છે. પ્રાથમિકતાઓ બદલો, વાઝે જેવી પ્રવૃત્તિઓને ટેકો આપશો તો આજે આપણો પોલીસ વિભાગ, જેની સરખામણી સ્કોટલેન્ડ યાર્ડ સાથે કરવામાં આવે છે, સરકારની બેદરકારી ના કારણે બદનામ થઈ રહી છે. પોલીસ સક્ષમ છે. તેઓ હિંમતવાન છે, પરંતુ તેમને યોગ્ય માર્ગદર્શન નહીં મળવાથી આજે આવી ભયાનક ઘટનામાં જોવા મળે છે, એમ પણ, દરેકરે કહ્યું. તેજ સમયે, શું તમારી સરકાર એકમાત્ર પ્રાથમિકતા છે? છેવટે, સરકાર કોના માટે છે? સામાન્ય માણસને ન્યાય આપવા માટે સલામત રાખવા. જો તમારા રાજ્યમાં મહિલાઓ સુરક્ષિત નથી, તો આ સરકાર લોકો એક દિવસ પણ નહીં રાખે, દરેકરે આ સમયે આવી ચેતવણી આપી હતી.સાકીનાકાની શર્મસાર ઘટનાએ બધાને છંછેડી દીધા છે. નેશનલ કમિશન ફાર વિમેન એ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળ ની સરકાર ની સણસણતી ટીકા કરી છે ત્યારે વિધાનપરિષદના વિપક્ષ નેતા પ્રવીણ દરેકર એ પણ ઠાકરે સરકાર ને આડેહાથ લીધા છે. ગણેશોત્સવ દરમિયાન મુંબઈને હચમચાવનારી ઘટના શુક્રવારે સવારે સાકીનાકા વિસ્તારમાં બની હતી. એક ૩૪ વર્ષીય મહિલા પર ટેમ્પો ચાલકે જાતીય શોષણ કર્યું હતું. શનિવારે સારવાર દરમિયાન મહિલાનું મોત થયું હતું. પોલીસે આરોપીની ધરપકડ કરી છે. જે બાદ સાકીનાકા બળાત્કાર કેસ બાદ રાષ્ટ્રીય મહિલા આયોગની ટીમ મુંબઈ આવી છે. મહિલા પંચના સભ્યોએ પીડિત પરિવારની મુલાકાત લીધી છે. અમે પીડિતોના પરિવારોની મુલાકાત લીધી છે. આ બનાવની પોલીસ દ્વારા જાણ કરવામાં આવી છે. તેની સારવાર કરનાર ડોક્ટરનો જવાબ નોંધવામાં આવશે. તે પછી અમે વરિ પોલીસ અધિકારીઓને મળીશું અને વિગતવાર માહિતી મેળવીશું. નેશનલ કમિશન ફોર વિમેનના સભ્યોએ કહ્યું કે આ પછી ચર્ચા થઈ શકે છે. પણ મહાવિકાસ આઘાડી સરકાર ઘણી અસંવેદનશીલ હોવાની સણસણતી ટીકા પણ નેશનલ કમિશન ફોર વિમેનના સભ્યોએ કરી હોવાનું જાણવા મળે છે.

# મહાસત્તામાં રહેવા અને આવવા અનેક દેશોની મથામણ

લંડન , તા.૧૩

કાબુલમાં તાલિબાનોનું શાસન ભારત માટે ફટકા સમાન છે. પરંતુ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે તિરાડ પડવામાં વધુ સમય નહીં લાગે. તાલિબાનોથી ભયભીત મધ્ય એશિયન દેશોમાં ભારત જગ્યા બનાવી શકે છે. પાકિસ્તાન-ચીનની જૂથબંધી સામે અમેરિકા અને ભારત વિકલ્પ બની શકે છે. જોકે, રશિયા અને ચીન નજીક આવી રહ્યા છે એવામાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન, રશિયા, ચીન અને ઈરાન સાથે મળીને જૂથબંધી કરે તો એશિયામાં ભારત ખૂબ જ નબળું પડી જશે. ચીને અફઘાનિસ્તાનમાં તાલિબાનોના શાસનને માન્યતા આપવાની સાથે આર્થિક સહાયની પહેલ કરી છે. તે અહી 'પરોક્ષ' શાસન કરવા માગતું નથી, પરંતુ તેની નજર ખનીજ ભંડારો પર છે. તે માટે અફઘાનિસ્તાનમાં શાંતિ જરૂરી છે. એ જ રીતે ઈરાન પણ અફઘાનિસ્તાનમાં શાંતિ ઈચ્છે છે, કારણ કે અમેરિકાએ ઈરાનની વિદેશી રિઝર્વ ફ્રીઝ કર્યા પછી અફઘાનિસ્તાન રોકડ વેપારનો મોટો સ્રોત બની શકે છે. તાલિબાનોના શાસનમાં અફઘાનિસ્તાન માટે પણ આ જ સ્થિતિ છે. તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન, તાજિકિસ્તાન જેવા પડોશી દેશો પણ અફઘાનિસ્તાનમાં શાંતિ ઈચ્છે છે. કારણ કે તાલિબાનોના આગમનથી અશાંતિની આશંકાએ તેમના દેશોમાં દોડી આવેલા અફઘાન શરણાર્થીઓ સમસ્યારૂપ બની શકે છે.અફઘાનિસ્તાનમાં ભારતના પ્રભાવથી પાકિસ્તાન હંમેશા પરેશાન રહ્યું છે. જોકે, તાલિબાનો પાછા સત્તામાં આવતાં પાકિસ્તાનને જબરજસ્ત સાથ મળ્યો છે. પાકિસ્તાન પોતાની ધરતી પરથી આતંકીઓને અફઘાનિસ્તાનમાં ખસેડી શકે છે અને અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ આતંકીઓના ટ્રેનિંગ ગ્રાઉન્ડની જેમ કરી શકે છે. તાલિબાનોના શાસનમાં અલ-કાયદાના ફરી માથું ઉચંકવાની અમેરિકાએ અગાઉ જ આશંકા વ્યક્ત કરી છે. અફઘાનિસ્તાન અને આજુબાજુના મધ્ય અને દક્ષિણ એશિયન વિસ્તારો પર નિયંત્રણ માટે લગભગ બે સદી (૨૦૦ વર્ષ)થી એક ખતરનાક ખેલ ચાલી રહ્યો છે. એક સમયે બે ખેલાડીઓથી શરૂ થયેલી આ 'ગ્રેટ ગેમ'માં હવે ૧૦ ખેલાડીઓ થઈ ગયા છે અને તેમ છતાં અફઘાનિસ્તાન ઠેરનું ઠેર છે. બે સદી કરતાં વધુ સમય થવા છતાં અફઘાનિસ્તાનમાં વિકાસના નામે 'ગેમ' સિવાય કશું નથી. રુડયાર્ડ કિપલિંગે ૧૯૦૧માં 'ધ ગ્રેટ ગેમ' અંગે લખ્યું ત્યારે તેની શરૂઆત ૭૦ વર્ષ પહેલા શરૂ થઈ ગઈ હતી. બ્રિટન અને રશિયા ૧૮૩૦ના દાયકાથી જ રાજકીય અને કૂટનીતિક રૂપે આમને-સામને હતા. બંનેનો આશય અફઘાનિસ્તાન અને આજુબાજુના એશિયન વિસ્તારો પર નિયંત્રણ મેળવવાનો હતો. આ વિસ્તારમાં આ 'ગેમ' આજે પણ રમી રહી છે. ફરક માત્ર એટલો પડયો છે કે બે ખેલાડીઓ વચ્ચે શરૂ થયેલી આ 'રમત'માં આજે ૧૦ ખેલાડીઓ થઈ ગયા છે અને દરેક ખેલાડીના પોતાના હિતો અને પોતાની યોજના છે. જોકે, આ બધા વચ્ચે જેના પર આ 'ગેમ' રમાઈ રહી છે તે અફઘાનિસ્તાનની હાલત વિકાસના નામે 'ઠેરના ઠેર' જેવી છે. 'બ્રિટિશ શાસન'માં ક્યારેય સૂરજ આથમતો નથી. જોકે, બ્રિટિશરોએ અફઘાનિસ્તાન પર કબજો ગુમાવ્યા પછી વર્તમાન સમયમાં તેનું મહત્વ હવે એક ભૂતપૂર્વ મહાસત્તાથી વિશેષ રહ્યું નથી. આમ છતાં બ્રિટન અફઘાનિસ્તાનના માર્ગે એશિયા સાથેનો કારોબાર મજબૂત બનાવવા મથી રહ્યું છે. બીજીબાજુ લગભગ ૨૦૦ વર્ષ જેટલો સમય થવા આવ્યો છતાં રશિયા આજે પણ આ 'ગેમ'માં છે. રશિયાનું હિત અફઘાનિસ્તાનમાં અસ્થિરતા અને કટ્ટરવાદ રોકવામાં છે, જેથી તે તેના આર્થિક હિતો સાધી શકે. તેથી જ તાલિબાનોની સરકાર છતાં રશિયાએ કાબુલમાં તેનું દૂતાવાસ ખુલ્લુ રાખ્યું છે. ૯/૧૧ના હુમલા પછી અફઘાનિસ્તાનમાં અમેરિકાની એન્ટ્રી થઈ અને લગભગ બે દાયકા સુધી તેણે અફઘાનિસ્તાન પર 'પરોક્ષ' કબજો જમાવી રાખ્યો. અફઘાનિસ્તાનમાં અમેરિકાના યુદ્ધના નફા-નુકસાન જોઈએ તો છેલ્લા બે દાયકામાં આતંકીઓ અફઘાનિસ્તાનની જમીનનો અમેરિકા વિરુદ્ધ હુમલા માટે ઉપયોગ કરી શક્યા નથી.

## શિવસેના ઉત્તરપ્રદેશ તેમજ ગોવાની વિધાનસભાની ચૂંટણી લડશે : સંજય રાઉત

મુંબઈ , તા.૧૩

ઉત્તર પ્રદેશમાં શિવસેનાના નેતાએ શનિવારે લખનઉમાં એક બેઠક યોજી હતી અને રાજયની તમામ બેઠકો પરથી ચૂંટણી લડવાનો નિર્ણય લીધો હતો. યુ.પી.માં શિવસેના વડા ઠાકુર અનિલસિંહે જણાવ્યું હતું કે યોગી આદિત્યનાથનું શાસન જંગલ રાજ છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે પાર્ટી નેતૃત્વએ શિક્ષણ પ્રણાલી અને હેલ્થકેર ક્ષેત્રથી લઈને કોવિડ રોગચાળા અને ખેડૂત મુદ્દાઓ સુધીના ઘણા મુદ્દાઓ પણ ચર્ચા કરી હતી.

વર્ષ ૨૦૨૨માં ઉત્તર પ્રદેશની વિધાનસભાની ચૂંટણી યોજાશે. એમાં ૪૦૩ બેઠક ધરાવતી ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં શિવસેના ૧૦૦ બેઠક પર ચૂંટણી લડશે એવો નિર્ણય લેવાયો એવી માહિતી શિવસેનાના પ્રવકતા સંજય રાઉતે આપી હતી. આ સિવાય ગોવાની વિધાનસભાની ચૂંટણીમાં ૨૦થી વધુ બેઠકો પર શિવસેના ઉમેદવારોને ઊભા રાખશે. અહીં ગઠબંધન કરી શકે છે. એવા સંકેતો સંજય રાઉતે જણાવ્યું હતું. પાર્ટીએ કહ્યું હતું કે તે તમામ ૪૦૩ બેઠકો પર ચૂંટણી લડશે. શિવસેનાએ વિધાનસભાની ચૂંટણી માટે કોઈ રાજકીય પક્ષ સાથે જોડાણની જાહેરાત કરી નથી. પરંતુ ભવિષ્યમાં કોઈ રાજકીય પક્ષ સાથે હાથ મિલાવવાની સંભાવનાના સંકેત સંજય રાઉતે આપ્યા હતા.

# આતંકી અલ-ઝવાહિરીએ'જેરુસલેમના યહુદીકરણ' સહિત અનેક વિષયો પર વાત કરી



બેઈજિંગ , તા.૧૩

અમેરિકા ૯/૧૧ના હુમલાની યાદમાં શોક મનાવી રહ્યું હતું એવા સમયમાં તાલિબાનના શાસકોએ રાષ્ટ્રપતિ ભવન પર તેમનો ઝંડો ફરકાવ્યો હતો. તાલિબાનના કલ્ચરલ કમિશનના પ્રમુખ અહમદુલ્લાહ મુત્તાનીએ કહ્યું કે, તાલિબાનની વચગાળાની સરકારના વડાપ્રધાન મોહમ્મદ હસન અખુંદે કુરાનની આયાતવાળો ઝંડો રાષ્ટ્રપતિ ભવન પર ફરકાવ્યો હતો. આ ઝંડો એ બાબત તરફ ઈશારો કરે છે કે અફઘાનિસ્તાનમાં હવે તાલિબાનની સરકારે કામકાજ શરૂ કરી દીધું છે. તાલિબાનોની નવી સરકારના ઉચ્ચ શિક્ષણ મંત્રી અબ્દુલ બાની હક્કાનીએ રવિવારે જાહેરાત કરી હતી કે યુનિવર્સિટીઓમાં છોકરીઓ અભ્યાસ ચાલુ રાખી શકશે. જોકે, તેઓ છોકરા-છોકરીઓના સહ-શિક્ષણની મંજૂરી નહીં આપે. યુનિવર્સિટીઓમાં છોકરાઓ અને છોકરીઓના વર્ગો અલગ અલગ હશે અને તેમના માટે ઈસ્લામિક ડ્રેસ કોડ ફરજિયાત હશે. તાલિબાનોએ દાવો કર્યો હતો કે તેઓ આ વખતે ઈસ્લામિક કાયદા હેઠળ મહિલાઓના અભ્યાસમાં કોઈ અવરોધો ઊભા નહીં કરે. તાલિબાને અફઘાનિસ્તાન પર તેની પક્કડ જમાવી છે ત્યારે તાલિબાનો ફરીથી સંગીત પર પ્રતિબંધ મૂકી શકે છે તેવા ડરે અનેક લોકપ્રિય અફઘાન સંગીતકારો અને ગાયકો કાબુલ છોડીને પાકિસ્તાનમાં ભાગી ગયા છે. એક અફઘાન ગાયક પશુન મનાવરે કહ્યું હતું કે, અમે અમારો વ્યવસાય નહીં છોડીએ તો તાલિબાનો અમને મારી નાંખશે. તાલિબાનોએ કાબુલ પર કબજો કર્યા પછી અફઘાનિસ્તાનમાં બધા જ સંગીત કાર્યક્રમો રદ કરી દેવાયા છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનોના શાસનના કારણે સંગીત ઉદ્યોગ પડી ભાંગ્યો છે અને સંગીતકારો તથા ગાયકોએ પાકિસ્તાનમાં આશરો લેવો પડયો છે. અમેરિકા પર ૯/૧૧ના હુમલાની ૨૦મી વરસીએ ફરી એક વખત એક સમયે દુનિયાના ખૂંખાર આતંકી સંગઠન અલ-કાયદાના સુપ્રીમો અલ-ઝવાહિરીનો વીડિયો વાઈરલ થતાં વૈશ્વિક સ્તરે હોબાળો મચી ગયો છે.

અફઘાનિસ્તાનમાં ફરી તાલિબાનોનું શાસન આવતાં અમેરિકા, સંયુક્ત રાષ્ટ્રે અલ-કાયદાના ફરી માથું ઊંચકવાની આશંકા વ્યક્ત કરી છે ત્યારે અલ-ઝવાહિરીના વીડિયોએ તે જીવતો છે કે મરી ગયો તે બાબતે રહસ્ય વધુ ઘેરું બની ગયું છે. આ વીડિયોમાં ઝવાહિરી અનેક મુદ્દાઓ પર બોલતો દેખાયો હતો. અલ-કાયદાનો એક સમયનો સર્વેસર્વા અયમાન અલ-ઝવાહિરી ઘણા મહિનાઓ પહેલાં માર્યો ગયો હોવાના અહેવાલો હતા. એવામાં શનિવારે ૯/૧૧ના આતંકી હુમલાની ૨૦મી વરસીએ અલ-ઝવાહિરીના એક વીડિયોએ વૈશ્વિક સ્તરે ભારે હોહા મચાવી દીધી છે. આતંકી જૂથોની ઓનલાઈન પ્રવૃત્તિઓ પર નજર રાખતા ઈન્ટેલિજન્સ ગ્રૂપ સાઈટ (એસઆઈટીઈ)એ જણાવ્યું કે, અલ-કાયદાએ જાહેર કરેલા એક વીડિયોમાં આતંકી અલ-ઝવાહિરીએ 'જેરુસલેમના યહુદીકરણ' સહિત અનેક વિષયો પર વાત કરી છે. આ વીડિયોમાં અલ ઝવાહિરીએ અફઘાનિસ્તાન પર તાલિબાનોના કબજાનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. જોકે, તેણે ફરી એક વખત અફઘાનિસ્તાનનો ઉલ્લેખ કર્યો અને કાબુલથી લઈને અમેરિકાના પાછા ફરવા અંગે વાત કરી હતી. સાઈટ ઈન્ટેલિજન્સ ગ્રુપના ડિરેક્ટર રીટા કાટ્જે કહ્યું કે અલ-ઝવાહિરીએ સીરિયામાં અલ-કાયદા સાથે સંકળાયેલા હુર્રસ અલ-દીન આતંકી જૂથ દ્વારા એક રશિયન સૈન્ય અડ્ડા પર હુમલાનો ઉલ્લેખ કર્યો હતો, જેનો દાવો ૧ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ કરાયો હતો. અફઘાનિસ્તાન મુદ્દે ઝવાહિરીએ કરેલા ઉલ્લેખ અંગે કાટ્ઝે કહ્યું કે તે દોહા સમજૂતી પર હસ્તાક્ષરના ઘણા સમય પહેલાંનો હોઈ શકે છે. વર્ષ ૨૦૨૦ના અંતમાં અલ-કાયદાનો તત્કાલિન સર્વેસર્વા અયમાન અલ-ઝવાહિરી બીમારીના કારણે માર્યો ગયો હોવાના અહેવાલો હતા. ત્યાર પછી તેના કોઈ વીડિયો અથવા તેના જીવનના પુરાવા સામે આવ્યા નહોતા. જોકે, તેના મોતની પણ હજુ સુધી કોઈ પુષ્ટી થઈ શકી નથી. ઓસામા-બિન લાદેનના માર્યા ગયા પછી અલ-કાયદાની કમાન અલ-ઝવાહિરીના હાથમાં આવી હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ રચનાઓ

વિષય :." શ્રાદ્ધ પક્ષ.માતૃ,પિતૃ શ્રાદ્ધ મહત્વ" વિષયક રચનાઓ(૧૪-૯-૨૦૨૧)દિવસ - ૩

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

NOG.SS.NO : 0095. \

વિષય :--- શ્રાદ્ધ પક્ષમાં , માતૃ શ્રાદ્ધ , પિતૃ શ્રાદ્ધ .

પ્રકાર. :-- ગદ્ય , વાર્તા

શીર્ષક :--- શ્રદ્ધા અને અર્પણ નું માતૃ પિતૃ શ્રાદ્ધ

દેવકુમાર અને દેવી ને બે જ સંતાનો શ્રદ્ધા અને અર્પણ ,કેટલા જતનથી આ બન્ને સાંતાનોનો ઉછેર આ માં બાપ

દેવકુમાર અને દેવી કરતા હતા અને એમના સંસ્કાર સિંચન એવા હતા કે એ બાળકો તો પોતાના માં બાપને

આદરભાવ આપે પણ બીજાના માં બાપને પણ માન સન્માન આપે અને બીજા સંતાનો જો પોતાના માં બાપને

દુઃખ પહોંચાડતા હોય તો દુઃખી થઇ જાય એવા સંતાનો. આ શ્રદ્ધા અને અર્પણ શ્રાદ્ધ પક્ષમાં પિતાને શ્રાદ્ધ

કરતા જોતા હતા કાંઈક કેટલી વિધિ કરી દેવકુમાર શ્રાદ્ધ -તર્પણ કરતા હતા ત્યારે એક વખત આ બન્ને બાળકોએ

પૂછ્યું કે પપ્પા મમ્મી તમે બન્ને આ દાદા દાદી અને અમાસના દિવસે સર્વ પિતૃઓનું શ્રાદ્ધ કરો છો એવું કેમ?

ત્યારે પિતાએ કહ્યું કે "જાણતા અજાણતા તમારાથી એમને દુઃખ પહોંચ્યું હોય ,એમનો આત્મા દુભાતો હોય તો એ મોક્ષ ના પામે ,એ જીવ ભટકતો રહે એવું કહેવાય છે , એટલે આપણે પુરી શ્રદ્ધાથી એમના આત્માની પૂર્ણ મુક્તિ માટે શ્રાદ્ધ પૂજા કરીએ તો એમનો આત્મા તૃપ્ત થઇ મોક્ષ માર્ગે જાય કે સરળતા અને સહજતાથી બીજે જન્મ લઇ શકે. "' આ વાત સાંભળી બાળકોએ કહ્યું કે "તમે અમને જે સંસ્કારો આપ્યા છે એ મુજબ અમે તમારો આત્મા દુભાય એવું કોઈ કાર્ય નથી કરતા તો તમે પણ એમ જ કર્યું હોય ને? તો પછી તમારા માતાપિતાનો આત્મા દુભાવાનો પ્રશ્ન જ ક્યાં ? દેવકુમાર પાસે આનો કોઈ જ ઉત્તર નહોતો પણ કહ્યું કે આપણે પરંપરા

જાળવવા કરવું પડે.

કાળક્રમે અર્પણ અને શ્રદ્ધાના માતાપિતાનું અવસાન થયું એટલે અવસાનના ત્રીજા વર્ષ પછી વડીલોએ કહ્યું કેહવે તમારા માતાપિતાને શ્રાદ્ધ માં ભેળવવા પડશે. અર્પણ શ્રદ્ધાને ફરી એ જ પ્રશ્ન અમે અમારા માતાપિતાને

જાણતા કે અજાણતા દુઃખી કર્યા જ નથી એટલે એમનો આત્મા ભટકવાનો કોઈ પ્રશ્ન જ નથી એ મોક્ષ માર્ગે

જ હોય. અમે આમ માનતા નથી અમે શ્રાદ્ધ નહિ કરીએ. " વડીલે કહ્યું કે આ તમારી માન્યતા છે. તમારા મા --બાપે તમને દરેક વસ્તુ કહી ના હોય મનમાં ધરબી દીધી હોય અને હસતા રહ્યા હોય. તમારી કોઈ માગણી,

તમારા ગમા અણગમા એ જોઈ મૂંગા મોઢે બધું કરી તમને રાજી રાખ્યા હોય જે તમને ખબર ના હોય. માટે

એમની કોઈપણ અતૃપ્ત લાગણી હોય તો એને તૃપ્ત કરી મુક્ત કરવા જોઈએ એ જ સાચું તર્પણ કહેવાય. માં બાપની ઘણી લાગણીઓ વણકહી હોય માટે એમ ના સમજવું કે આપણે તો એમને કોઈ દુઃખ પહોંચાડ્યું

નથી. એ લોકોને દુઃખ થયું હોય એ તમને કળવા નથી દીધું એ સમજી લેજો માટે માતૃ અને પિતૃ શ્રાદ્ધ પુરી

શ્રદ્ધાથી કરવું જોઈએ" આ પછી એ બન્ને માની ગયા અને શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધ કર્યું. માટે જ સંપૂર્ણ સમર્પણ સાથે તર્પણ કરી સર્વસ્વ અર્પણ કરવું એ માતા પિતાનું સાચું શ્રાદ્ધ. ?.

દીપિકા ચાવડા " તાપસી ".

---

NOG SS No : 0059.

વિષયઃશ્રાધ્ધ.

વિભાગઃ પદ્ય. હાઈકુ.

શીર્ષકઃ'સાચું તર્પણ'.

શબ્દોઃ

હેં પ્રભુ રોજ
તર્પણ હોજો પ્યારે'
શ્રવણ જેવું.

ચૂકવો ઋણ
માતૃ પિત્રૃ ચરણે
સેવા કરીને.

શ્રાધ મનાવો
શૂભ કાર્યો કરીને
સાચું તર્પણ.

સાચું તર્પણ
જરૂરતમંદને
સાચી મદદ.

કળ યુગમાં
શિક્ષા માટે સહાય
પ્યારે' તર્પણ.

માતૃ પિત્રૃને
જીવતાં સંભાળીએ
નેક તર્પણ.

રહે કાયમ
યાદ શું સંસ્કારોની
ફળે તર્પણ.

જો સંભાળીએ
પૃથ્વી પર્યાવરણ
ખરું તર્પણ.

જયકાન્ત ઘેલાણી પ્યારે'.

---

NOG SS No. -- 39

વિષય -- શ્રાધ્ધપક્ષ

પ્રકાર - ગદ્ય -- લેખ

શીર્ષક -- મુક્તિ કર્મ

શબ્દો - ૩૩૮

ભાદરવા સુદ પૂનમથી ભાદરવા વદ અમાસ સુધીનાં સોળ દિવસોને શ્રાધ્ધપક્ષ માનવામાં આવે છે.

પિતૃઓ માટે શ્રદ્ધાથી કરવામાં આવતાં મુક્તિકર્મને શ્રાદ્ધ કહે છે અને એમને તૃપ્ત કરવાની વિધીને તર્પણ કહે છે. પિતૃઓને ઉદ્દેશીને કરવામાં આવેલું કોઈ પણ કાર્ય શ્રાદ્ધ જ છે.

શ્રાદ્ધ વિધિ પુત્ર, નાનો ભાઈ, ભાણેજ, ભત્રીજો, દોહીત્ર, ત્રીજી પેઢી સુધીનું કોઈ પણ સ્વજન કરી શકે છે. મહાભારત અનુસાર મિત્ર પણ મિત્રનું શ્રાદ્ધ કરી શકે છે.

શ્રાધ્ધનાં દિવસોમાં મૃત્યુ પામેલા આત્માઓને ભાવતી વસ્તુઓ બનાવીને ગાય, કૂતરા અને કાગડાઓને ખવડાવવામાં આવે છે. હિન્દૂ ધર્મમાં ગાયને માતા તરીકે પૂજવામાં આવે છે. એટલે ગૌગ્રાસનું દાન કરવામાં આવે છે. આ દિવસોમાં દરેક વ્યક્તિ ધન-ધાન્ય, વસ્ત્ર કે સોના-ચાંદીનું દાન કરીને પુણ્ય કમાવાની મનસા સેવે છે. કાગડાને ભાગ્યશાળી માનવામાં આવે છે. એ યમરાજનો સંદેશવાહક ગણાય છે. એટલે એમના દ્વારા વ્યંજનો આપણાં મૃત્યુ પામેલાં આત્માઓ સુધી પહોંચે છે એવી હિન્દુઓની ધાર્મિક માન્યતા છે. મૃતાત્માઓને ભાવતાં વ્યંજનોનો ધાબે કાગવાસ નાંખવામાં આવે છે. કાગડાઓ યમરાજના પુત્ર શનિદેવના વાહક મનાય છે. વળી એવી પણ ધાર્મિક માન્યતા છે કે જ્યાં સુધી પૃથ્વી ઉપર યમરાજની હયાતી હશે ત્યાં સુધી પૃથ્વી પરથી કોઈ કાગડાનો નાશ કરી શકશે નહીં. આમ પિતૃઓના આત્માની શાંતિ અને તેમનાં મોક્ષ માટે ગૌગ્રાસ અને કાગવાસ નાંખવામાં આવે છે.

ભાદરવા સુદ પૂનમ, વદ પાંચમ, વદ અગિયારસ, બારસ અને અમાસ, શ્રાધ્ધપક્ષનાં આ પાંચ દિવસ પિતૃઓનું શ્રાદ્ધ કરીને, એમનાં આત્માને તૃપ્ત કરીને તર્પણ કરવામાં આવે છે. પિતૃપક્ષનાં આ દિવસો દરમ્યાન શ્રાદ્ધ કરીને પિતૃદોષથી મુક્તિ મેળવાય છે એવી ધાર્મિક માન્યતા છે.

અકાળે મૃત્યુ પામેલ વ્યક્તિનું શ્રાદ્ધ પૂનમના દિવસે, સૌભાગ્યવતી સ્ત્રીનાં મૃત્યુનું શ્રાદ્ધ નવમીનાં દિવસે કરવામાં આવે છે. એને માતૃનવમી પણ કહેવાય છે. સંન્યાસ લીધેલ સાધુ સંત વ્યક્તિનું કે આ દિવસે મરણ પામેલ વ્યક્તિનું શ્રાદ્ધ અગિયારસે કરવામાં આવે છે.

શ્રાધ્ધકર્મ દેવી દેવતાઓને પ્રસન્ન કરીને કરવામાં આવતું હોવાથી શ્રાદ્ધ કરનારને પણ તીર્થયાત્રા કરતાં પણ વિશેષ પુણ્યની પ્રાપ્તિ થાય છે. પ્રસન્ન થયેલાં દેવી દેવતાઓ શ્રાધ્ધકર્મીને સંતતિ અને સંપત્તિનું વરદાન આપે છે. એનાથી સુખ-શાંતિની પ્રાપ્તિ થાય છે.

શ્રાદ્ધ અગત્સ્ય મુનિની પૂજા કરીને પૂરી શ્રદ્ધા અને ભાવનાથી કરવું જોઈએ.

પ્રફુલ્લા "પ્રસન્ના" અમદાવાદ

---

NOG SS. NO.-0036

વિષય -શ્રાદ્ધ

વિભાગ - પદ્ય

શીર્ષક -યાદ આવો છો

યાદ આવો છો

શ્રાદ્ધે સ્મરીએ, સ્વજનો યાદ આવો છો,
પરંપરા એ પૂર્વજોની યાદ આવો છો.
આપે જતન કર્યું, વટવૃક્ષ બનીને,
હિંમતની પાંખ આપી, યાદ આવો છો.
પ્રેમ-દીવડા પેટાવી પાથર્યો પ્રકાશ,
જીવતાં શીખવ્યું, યાદ આવો છો.
વટવૃક્ષનાં અમે ફળ-ફૂલ ફાલ્યા,
તમે અનંતનાં ફેરે, યાદ આવો છો.
અંજલિ અર્પીએ છીએ પિતૃ તર્પણે,
સંસ્કારની છાપે, યાદ આવો છો.
કુદરતનાં વણથંભ્યા ચક્રે ભળ્યાં,
આંખે ભીનાશ થઈ, યાદ આવો છો.
યાદની જ્યોત ઝળહળ્યાં કરે,
શ્રદ્ધા કેરા પર્વે, યાદ આવો છો.

અરૂણા ત્રિવેદી, અમદાવાદ

---

NOG SS No : 0078

પ્રકાર - પદ્ય (ગઝલ)

વિષય - દુનિયાને બતાવવા શ્રાદ્ધ ?

મને આજે થયું કે લાવ જગ સામે ધરું દર્પણ ;
અરે! એને જગત જોઈ થયું ના કોઈ આકર્ષણ.
કહે દુઃખી થઈ દર્પણ,'નથી જોતો હું દુનિયાને'!
હવે તો જો ઋણાનુબંધ ચૂકવવા થયું ઘર્ષણ.
ગરીબોને અહીં ફાંફાં છે રહેવા - ટંક ખાવાના!
ને મંદિરમાં ધનિક લાખો કરે છે મૂર્તિને અર્પણ!
અહીં મા-બાપ જ્યાં ત્યાં ઠોકરો ખાતા ફરે જોઉં;
સમર્પણ એમનું ભૂલ્યા ને ભૂલ્યા પ્રેમનું વર્ષણ.
હવે શાથી કરે છે શ્રાદ્ધ , દુનિયાને બતાવે છે?
હતાં ત્યારે તે તરછોડ્યા પછી તે શું કર્યું તર્પણ !!
મનનનું ખૂબ અવલોકન કર્યું, ત્યારે રચાયું છે;
કલમ, કાગળ, હસી, આંસૂ છે ને 'શ્વેતા"નું ગઝલાર્પણ.

શ્વેતા તલાટી

---

रचना-स्वरभाव.भरत.त्रिवेदी.(अनामी)

राधा भाव

सखीरी कोई श्यामको समजावो
ना बजाए बंसिया सारी सारी रतियाँ...


धून मुरली की सुनके मोरी पायलियाँ खनके
खनक खनक धून पायल पे बसमे रहे न जीया..
सखीरी कोई श्यामको समजावो.....
ना बजाए बंसिया सारी सारी रतियाँ....

मिलने चलू तो वो छुप छुप जाये
ना मिलने पर बंसी बजाए काहे सताए रसीयाँ रतियाँ
सखीरी कोई श्यामको समजावो.....
ना बजाए बंसिया सारी सारी रतियाँ...

ना देखूं तो जी गभराए हे... श्याम तोहे
और मिलने आउ तो सब हसी बनाए
अब"अनामी"की ज़रे अँखिया....
सखीरी कोई श्यामको समजावो...
ना बजाए बंसिया सारी सारी रतियाँ.....

---

શ્વાસ જીંદગીના ખૂટતા જાય છે ,
સુરજ આંખોમાં ઢળતા જાય છે .
ઝૂલતા'તા લીલાછમ સ્વપ્નો ડાળે ,
એક પછી એક ખરતા જાય છે .
જેને તિજોરીમાં છુપાવીને રાખ્યા'તા ,
અરમાનો સઘળા સડતા જાય છે .
અરીસા પણ સાચુ ક્યાં સુધી બોલે ,
અંદર પ્રતિબિંબો હાંફતા જાય છે .
પગલાંની શોધ હજી ય ચાલુ છે ,
સોનેરી હરણાં વન છોડતાં જાય છે .
આંધી , તોફાનો , વાવાઝોડાં આવશે ,
બારીઓનાં નકુચા તુટતા જાય છે .
આંખો પર ચડાવી જોયા ચશ્મા ,
દ્રશ્ય બધા "જશ" મરતા જાય છે .



જશુ પટેલ
સિડની,
ઓસ્ટ્રેલિયા

## ૧૪ સપ્ટેમ્બર, હિંદી દિવસ




સમગ્ર ભારતમાં ૧૯૫૩થી ૧૪ સપ્ટેમ્બરનાં રોજ દર વર્ષે હિન્દી દિવસ મનાવવામાં આવે છે. હિન્દી દુનિયામાં સૌથી વધુ બોલવામાં આવતી ત્રીજી ભાષા છે. હિન્દી વિશ્વની પ્રાચીન, સમૃદ્ધ અને અત્યંત સરળ ભાષા છે. હિન્દી ભારતની રાષ્ટ્રભાષા છે. ભારત અને બીજા દેશોમાં ૬૦ કરોડથી વધારે લોકો હિંદી બોલતા, વાંચતા શીખે છે અને લખે પણ છે. હિંદી ભારતની જ નહી પણ આખા વિશ્વમાં એક વિશાળ ક્ષેત્ર અને જનસમૂહની ભાષા છે. ૧૯૫૨માં ઉપયોગ કરાતી ભાષાના આધારે આ વિશ્વમાં પાંચમાં ક્રમાકે હતી. ૧૯૮૦ની આસપાસ તે ચીની અને અંગ્રેજી પછી ત્રીજા સ્થાન પર આવી ગઈ. હિન્દી વિશ્વમાં ચોથી એવી ભાષા છે, જેને સૌથી વધુ લોકો બોલે છે. આજે તમામ વિદેશી કંપનીઓ પણ હિન્દી ભાષાને પ્રોત્સાહન આપી રહી છે. દુનિયાનું સૌથી મોટું સર્ચ એન્જિન અંગ્રેજી ઉપરાંત હવે ભારતની હિન્દી ઉપરાંત અન્ય ક્ષેત્રીય ભાષાને મહત્વ આપી રહ્યું છે. તાજેતરમાં જ ઈ-કોમર્સ સાઈટ એમેઝોન ઈન્ડિયાએ પોતાની હિન્દી એપ લોન્ચ કરી છે."ન્ઠ, ઊીીજેવા પ્લેટફોર્મ પહેલાથી જ હિન્દીમાં ઉપલબ્ધ છે. સ્નેપડીલ પણ હિન્દીમાં વિકલ્પ આપે છે. દક્ષિણ પ્રશાંત મહાસાગરનાં મેલાનેશિયામાં ફિજી નામનો એક ટાપુ છે. ફિજીમાં હિન્દીને આધિકારિક ભાષાનો દરજ્જો આપવામાં આવ્યો છે. તેને ફિજિયન હિન્દી કે ફિજિયન હિન્દુસ્તાની પણ કહે છે. આ ભાષા અવધી, ભોજપુરી અને અન્ય બોલીઓનું મિશ્રણ છે. આ ઉપરાંત, પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ, અમેરિકા, બ્રિટન, જર્મની, ન્યૂઝીલેન્ડ, સંયુક્ત અરબ અમીરાત, યુગાંડા, સુરીનામ, ટ્રિનિદાદ, મોરેશિયસ અને દક્ષિણ આફ્રિકા સહિત અનેક દેશોમાં હિન્દી ભાષા બોલવામાં આવે છે. વર્ષ ૨૦૧૭માં ઓક્સફોર્ડ ડિક્શનરીમાં પ્રથમ વખત 'અચ્છા', 'બડા દિન', 'બચ્ચા' અને 'સૂર્ય નમસ્કાર' જેવા હિન્દી શબ્દોનો સમાવેશ કરાયો હતો.

હિન્દી ભાષા દેશની રાષ્ટ્રભાષા તરીકે પસંદ થઈ તે સમયે દેશનાં પહેલા પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ હતાં અને તેમણે કહ્યું હતું કે આ દિવસનાં મહત્વને જોતા દર વર્ષે ૧૪ સપ્ટેમ્બરનાં રોજ હિન્દી દિવસ તરીકે ઉજવણી થાય. ભારતમાં પહેલો હિન્દી દિવસ ૧૪ સપ્ટેમ્બર ૧૯૫૩નાં રોજ ઉજવવામાં આવ્યો હતો. ત્યારથી લઈને અત્યાર સુધી ૧૪ સપ્ટેમ્બરનાં રોજ હિન્દી દિવસ તરીકે ઉજવાય છે. ૧૯૧૮માં હિન્દી સાહિત્ય સંમેલનમાં ભારતના રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીએ હિન્દી ભાષાને રાષ્ટ્રભાષા બનાવવા માટે પહેલ કરી હતી. આજે ભારતની બે વ્યવહારિક ભાષાઓ હિન્દી અને અંગેજી કહેવાય છે.

ભાષા એ દરેકનાં મનની આશાને પૂરી કરે છે. ભાષા થકી સૌ અતંરમનનાં વિચારો, વ્યવહારો થકી પ્રગટ કરે છે. ભાષા એ કોઈ એક દિશામાંથી બીજી દિશાને જોડતો પૂલ છે. એ ક્યારેય તારી કે મારી નથી હોતી. એ હંમેશા આપણી હોય છે, અમારી હોય છે. ભાષા થકી અભિવ્યક્તિ શક્ય બને છે. ભાષાનો હંમેશા સત્કાર, જય જય કાર કરવો જોઈએ.

મત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# અમદાવાદમાં વહેલી સવારથી ધોધમાર વરસાદના કારણે પાણી ભરાયા

અમદાવાદ , તા.૧૩

અમદાવાદ સહિત રાજ્યના ૬ જિલ્લામાં હજુ પણ ૫૦ ટકાથી વધુ વરસાદની ઘટ છે. સમગ્ર રાજયમાં વરસાદની ઘટમાં દાહોદમાં ૫૪ ટકા અને અમદાવાદમાં ૫૨ ટકા ઘટ છે. જયારે ગુજરાતમાં વરસાદની ઘટ ૫૦ ટકાથી ૩૨ ટકાએ પહોંચી છે. પરંતુ, હાલમાં ઉત્તર,પૂર્વીય અરબી સમુદ્રથી લઈને બંગાળની ખાડીના પૂર્વ,મધ્ય વિસ્તારમાં મોન્સુન ટ્રફ રચાયો હોવાથી આગામી ચાર દિવસ સારા વરસાદની આગાહીને કારણે આ ઘટ ઓછી થવાની શક્યતા છે.

ઉત્તર,પૂર્વીય અરબી સમુદ્રથી લઈને બંગાળની ખાડીના પૂર્વ,મધ્ય વિસ્તારમાં મોન્સુન ટ્રફ રચાયો હોવાને કારણે રાજયનાં મોટાભાગના વિસ્તારોમાં આગામી ચાર દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. જેની અસરથી આજે સવારથી અમદાવાદમાં વરસાદ વરસી રહ્યો છે. શહેરનાં અનેક વિસ્તારોમાં મેઘરાજાના આગમનથી લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. નોંધનીય છે કે, અમદાવાદમાં ૫૦ ટકાથી વધુ વરસાદની ઘટ છે. જે આ વખતની વરસાદની આગાહીમાં ઓછી થઇ શકે છે. અમદાવાદમાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. શહેરના સેટેલાઇટ, પાલડી, બોપલ, થલતેજ, ગોતા, નરોડા, જુહાપુરા ચાંદખેડા, પ્રહલાદનગર, શિવરંજની, શ્યામલ જેવા મોટાભાગના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી ચાર દિવસ ભારે વરસાદની આગાહી છે. નોંધનીય છે કે, અમદાવાદમાં રવિવારે સવારથી વરસાદી માહોલ છવાયો હતો. પરંતુ હળવા વરસાદી ઝાપટા જ પડ્યા હતા.મ્યુનિ.કંટ્રોલ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ,રવિવારે સવારના છથી સાંજના છ સુધીમાં શહેરના ચાંદખેડા વિસ્તારમાં ૭ મિલીમીટર અને બોપલ વિસ્તારમાં ૪.૫૦ મિલીમીટર વરસાદ થયો હતો.

# નવા મુખ્યમંત્રી બનતા અનેક સિનિયર મંત્રીઓ અને કાર્યકરોની આશાઓ પર પાણી ફરી ગયું

ગાંધીનગર, તા.૧૩

કમલમ ખાતે વિવિધ અવગઢ વચ્ચે નક્કી કરેલા નવા મુખ્યમંત્રી બન્યા બાદ સિનિયર મંત્રીઓ તેમજ કાર્યકરોમાં રોષ જોવા મળ્યો હતો તેમને વિશ્વાસ પણ ન હતો કે ભુપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી બનાવાયા .વિધાનસભામાં ભાજપના નેતા એટલે કે નવા મુખ્યમંત્રી બન્યા બાદ ભૂપેન્દ્ર પટેલથી કેટલાંક સાથી ધારાસભ્યોએ પણ અંતર કરી દીધું હતું. તેમાં આનંદીબેન જૂથના જ કેટલાંક ધારાસભ્યોનો સમાવેશ થાય છે. એક સમયે આ નેતાઓ એકબીજાની ગાડીમાં જ ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે આવનજાવન કરતા, સાથે જ બેસીને ટિફીન ખાતા હતા, પરંતુ ક્યાંક કોઈક લક્ષ્મણરેખા ખેંચાઇ ગઇ હોવાનું આ ઘટનાથી સામે આવ્યું હતું. આશ્ચર્યજનકરીતે વિજય રૂપાણીના રાજકોટ અને સૌરાષ્ટ્રના નેતાઓ હરખઘેલા થઇ ભૂપેન્દ્ર પટેલને હાથ મિલાવીને શુભકામનાઓ આપતા હતા.કમલમ્ પર મળેલી ભાજપના વિધાનસભ્યોના દળની બેઠકમાં સૌના જીવ તાળવે ચોંટેલા હતાં કે કોના નામની મુખ્યમંત્રી પદ માટે જાહેરાત થશે. ત્યાં જ અચાનક મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તેમના અનુગામી તરીકે ભૂપેન્દ્ર પટેલની જાહેરાત કરી ત્યાં જ જાણે આખાંય હોલમાં આશ્ચર્ય સાથે સન્નાટો વ્યાપી ગયો. આ નામની જાહેરાત થતાં જ ગુજરાત સરકારના ઘણાં મંત્રીઓના મોં સાવ પડી ગયા હતા. ક્યાંય સુધી આ મંત્રીઓને કળ ન વળી અને તેમણે નાનું સરખું સ્મિત પણ ન વેર્યું. આ તરફ હોલ બહાર સમાચાર આવ્યા કે ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી બન્યા છે ત્યારે બહાર ઊભેલાં સંગઠનના ઘણાં નેતાઓએ સાંભળવામાં ભૂલ થઈ હોય તેમ ફરી ખરાઈ કરી કે ભૂપેન્દ્ર પટેલ કે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા. અમુક નવાસવા સંગઠનમાં નેતા બનેલાં નેતાઓને તો ભૂપેન્દ્ર પટેલ કોણ અને ક્યાંના ધારાસભ્ય છે તે પણ ખ્યાલ ન હતો. તેમણે પત્રકારોને પૂછ્યું કે આ ભૂપેન્દ્ર પટેલ કઈ બેઠક પરથી ચૂંટાયા અને કોના વિશ્વાસુ નેતા છે. જાહેરાત થયા બાદ પણ ભૂપેન્દ્ર પટેલ સાવ સ્થિતપ્રજ્ઞની માફક પોતાની બેઠકમાં બેસી રહ્યા. સિનિયર મંત્રીઓએ તેમને તેમના નામની જાહેરાત થવા બદલ શુભકામના આપવાનું પણ ટાળી દીધું. અમુક મંત્રીઓએ પોતાનો ચહેરો પરાણે હસતો રાખ્યો તો કેટલાંકે સ્મિત પણ ન ફરકવા દીધું. માંડમાંડ કેટલાંક મંત્રીઓ તેમને શુભેચ્છા આપવા માટે સ્ટેજ પર જવું પડ્યું, અને કેટલાંક તો તેમ કરવામાંથી દૂર રહી પોતાના સ્થાન પર બેસી જ રહ્યા. જાણે કશું બન્યું જ ન હોય તેમ આ મંત્રીઓએ હોલમાંથી ચાલતી પકડી. ભૂપેન્દ્ર પટેલના નામની જાહેરાત થઈ ગઈ પણ પોતે સરકારના આ મોટા પદ માટેની રેસના પ્રબળ દાવેદાર હોવાનું માનતા નેતાઓ બે ઘડી રાહ જોઈ રહ્યા કે મુખ્યમંત્રી પદ નહીં તો નાયબ મુખ્યમંત્રી પદ માટેના નામની જાહેરાત થશે. પરંતુ એવી કોઈ જાહેરાત ન કરતાં તેમના સ્વપ્નો ત્યાં જ ચકનાચૂર થઈ ગયા હતા. ઘણાં માથા ખંજવાળીને એકબીજાને પૂછી રહ્યા હતા કે આ નામ માટે કયું પરિબળ જવાબદાર હશે. જ્યારે જુનિયર ધારાસભ્યો ગેલમાં આવીને ભૂપેન્દ્ર પટેલને શુભકામનાઓ આપવા તેમની સીટ પર દોડી આવ્યા હતા.

## પદ ગ્રહણ કરતાં પહેલા SGVP ગુરુકુલ છારોડી ખાતે દર્શને પધારતા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ



અમદાવાદ તા. ૧૩

મુખ્યમંત્રી પદ ગ્રહણ કરતાં પહેલા માનનીય પૂર્વ નામીત મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, SGVP શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, છારોડી ખાતે દર્શને તથા સંતોના આશીર્વાદ લેવા પધાર્યા હતા. શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી અને પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ, ઋષિકુમારો દ્વારા વૈદિક મંત્ર ગાન અને પૂર્ણકુંભ સાથે સ્વાગત કર્યું હતું. અને રાજ્ય સંચાલનમાં સફળતા માટે શુભ કામના પાઠવી હતી. તેઓશ્રીએ પદભાર સાંભળતા પહેલા SGVPમાં દેવ દર્શન કરી, સંતના આશીર્વાદ લઈ ગાય માતાનું વેદોક્તમંત્રો સાથે વિધિવત પૂજન કરી મંગળ પ્રયાણ કર્યું હતું.

## અમદાવાદ માનસિક આરોગ્ય હોસ્પિટલમાં સ્વૈચ્છિક સંસ્થાઓ માટે ટ્રેનિંગનુ આયોજન

અમદાવાદ શહેરની માનસિક આરોગ્યની હોસ્પિટલ દ્વારા આત્મહત્યા અટકાવવાના પ્રયાસરૂપ વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેનાભાગરૂપ તારીખ ૧૪ મી સપ્ટેમ્બરના રોજ સ્વૈચ્છિક સંસ્થાઓ માટે ઓનલાઈન તાલીમ ગોઠવવામાં આવી છે. હોસ્પિટલ તંત્ર દ્વારા રેલી, નાટક દ્વારા વિવિધ જૂથ સાથે તાલીમ અને આત્મહત્યા અટકાવવા માટેની તાલીમ આપવામાં આવશે.જેમાં ગુજરાતની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ જોડાઈને લોકમાનસ પર સકારાત્મક વિચારોનું સર્જન કરે અને આત્મહત્યા અટકાવવા માટે જનજાગૃતિ સમગ્ર ગુજરાતમાં કેળવવા મદદરૂપ બને તે માટેના સંયુક્ત પ્રયાસો હાથ ધરવામાં આવનાર છે.

આ ઓનલાઈન માટે મીટિંગ ઝુમ એપ પર મીટિંગ આઈ.ડી – પર૬૦૩૮૩૭૨૧ પર લોગ ઈન કરીને જોડાઈ શકાશે.સવારે ૧૦ થી ૧૧.૩૦ કલાકે આ સમગ્ર ટ્રેનિંગ કાર્યરત રહેશે તેમ માનસિક આરોગ્ય હોસ્પિટલના મેડિકલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. અજય ચૌહાણે જણાવ્યું છે.

## અમદાવાદની સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા આરોપીને ભાગેડુ જાહેર કરાયા

અમદાવાદ શહેરના ઘાટલોડિયા પોલીસ સ્ટેશનની અખબારી યાદી અનુસાર આરોપી ભરત ઉર્ફે ભદ્દુ (રહે-અશ્વીનભાઈ પટેલના મકાન, સંજયનગર ગેટ નં-૩, નારણપુરા, ટેલીફોન એક્સ્ષચેન્જની બાજુમાં, ઘાટલોડિયા, અમદાવાદ શહેર) સામે ઈન્ડિયન પીનલ કોડ ૩૬૩,૩૬૬, ૩૭૬ તથા પોક્સો એક્ટ કલમ ૩ (એ),૪,૫(એલ), સ્પેશયલ પોક્સો કેસ નં-૧૧૬/ ૨૦૧૬ અન્વયે ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપીનું મુળ ગામ સાકરી, તા. સાકરી, જીલ્લો- ધુલીયા મહારાષ્ટ્ર છે.

આ યાદી અનુસાર નામદાર કોર્ટ દ્વારા ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ના ગુ. ર. નં- ૩૯/૨૦૧૬ અન્વયે મહારાષ્ટ્રની વિરુદ્ધ કોર્ટમાં કેસ ચાલવા ઉપર છે અને આ આરોપી ઘણા સમયથી નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેતો ન હોય અને પોતાની ઓળખ છુપાવી સંતાતો ફરતો હોય નામદાર સેશન્સ કોર્ટ દ્વારા આરોપી વિરોધમાંની કલમ ૮૨- મુજબની કાર્યવાહી કરી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.આ જાહેરનામાની વ્યાપક પ્રસિદ્ધિ કરવા માટે યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### કેન્દ્રીય મંત્રીશ્રીઓ-વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ-ગણમાન્ય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ

# રાજભવન ખાતે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી ભૂપેંદ્ર પટેલની શપથવિધિ સંપન્ન

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદનામિત શ્રી ભૂપેંદ્ર પટેલને આજે મુખ્યમંત્રીશ્રી તરીકેના હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

આ શપથવિધિ વેળાએ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટર, ગોવાના મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંત, કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી બસવરાજ બોમ્મઈ, ભારત સરકાર ના ગૃહ અને સહકાર વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઇ શાહ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવીયા, કોલસા-ખાણ અને સંસદીય કાર્ય વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ જોષી, મત્યપાલન-પશુપાલન અને ડેરી



વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમ રુપાલા, કેન્દ્રીય આયુષ વિભાગના રાજ્યમંત્રી શ્રી મહેન્દ્ર મુંજપરા, રેલવે વિભાગના રાજ્યમંત્રી શ્રીમતિ દર્શના જરદોશ, ભારતીય જનતા પક્ષના મહામંત્રીશ્રીઓ બી. એલ. સંતોષ, શ્રી અરુણ સિંહ, રાજ્ય અને રાષ્ટ્રના આદરણીય સંતો-મહંતો, ગણમાન્ય વરિષ્ઠ અગ્રણીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, તથા શુભેચ્છકો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી તરીકે ના શપથ ગ્રહણ બાદ નવ નિયુક્ત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલ ને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત જી એ પુષ્પ ગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય મંત્રીશ્રીઓ પુરુષોત્તમ રૂપાલા,મનસુખ ભાઈ માંડવીયા,તેમજ અન્ય મંત્રીશ્રી ઓ તથા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પદાધિકારીઓ,પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ ,વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી તેમજ પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજય ભાઈ રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ સૌ એ નવ નિયુક્ત મુખ્યમંત્રી શ્રી ને પુષ્પ ગુચ્છ આપી શુભકામના આપી હતી. મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે શપથવિધિ સમારોહનું સંચાલન કર્યું હતું.

સી.એમ.પી.આર.ઓ.

## મુખ્યમંત્રીશ્રીને મળેલી ભેટ-સોગાદોની ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ અમદાવાદના મહેસુલ ભવન ખાતે યોજાયો



મુખ્યમંત્રીશ્રીના વિવિધ કાર્યક્રમો તેમ જ પ્રવાસ દરમિયાન મળેલી ભેટ-સોગાદોની ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ તા-૧૩-૦૯-૨૦૧ના રોજ મહેસુલ ભવન, ગોતા ઓવરબ્રીજ પાસે, અમદાવાદ ખાતે રાખવામાં આવ્યું છે. આ પ્રદર્શન – વેચાણમાંથી પ્રાપ્ત થનારી રકમ મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નીધિમાં જમા કરાવવામાં આવશે

આ કાર્યક્રમનો શુભારંભ ૧૩-૦૯-૨૦૨૧ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલીયાએ કરાવ્યો હતો.

## સૌરાષ્ટ્રમાં આવેલ વરસાદી આફત સમયે ભારતીય જનતા પાર્ટીના સંગઠનના કાર્યકરો રેસ્કયુ તથા રાહત કાર્યોમાં જોડાયા

ભારતીય જનતા પાર્ટી એક અખબારી યાદીમાં જણાવે છે કે ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં રાજકોટ,જામનગર,જૂનાગઢ અને દ્વારકા જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો છે. આ વિસ્તારમાં મેધ રાજાના રૌદ્ર સ્વરૂપ ને પગલે જન જીવન પર માઠી અસર પહોંચી છે.



અનરાધાર વરસાદથી જન જીવન ખોરવાયું છે અચાનક આવેલી કપરી સ્થિતિમાં અસરગ્રસ્ત વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટીનાઆગેવાનો અને કાર્યકરો લોકોની મદદે પહોંચ્યા છે. ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકરો અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને સલામત સ્થળે ખસેડવા, ફુડ પેકેટ વિતરણ, પીવાના પાણીની વ્યવસ્થા સહિતની કામગીરી શરૂ કરી છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ તેમજ હોદેદારો જનતાની સાથે છે અને બનતી દરેક મદદ માટે તત્પર છે. ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે સૌરાષ્ટ્ર પંથકમાં ભારે વરસાદની તમામ માહીતી મેળવી અસરગ્રસ્ત વિસ્તારના ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પ્રમુખશ્રીઓ સાથે ચર્ચા કરી અને માર્ગદર્શન આપી સરકાર અને સંગઠન સાથે મળી અસરગ્રસ્ત વિસ્તારમાં જનતાની તમામ બનતી મદદ કરવા આહવાહન કર્યું છે. સૌરાષ્ટ્ર પંથકમાં વરસાદી આફત સામે ભારતીય જનતા પાર્ટીના સંગઠનના કાર્યકરો રેસ્કયુ અને રાહત કાર્યમાં જોડાયા છે.

## અતિ ભારે વરસાદના કારણે ઉકાઈ ડેમમાં પાણી ભરાતા સુરતીઓમાં ખુશીનો માહોલ

સુરત, તા.૧૩

સુરત શહેરમાં મેઘરાજાની ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. સમગ્ર જિલ્લામાં વરસાદ વરસ્યો હતો. વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. કાળાડિંબાગ વાદળો સાથે ભારે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. સાંજે ૪થી ૬ વાગ્યાના બે કલાકમાં ૧ ઈંચ વરસાદ શહેરમાં પડ્યો હતો.

જ્યારેમાં કામરેજમાં સૌથી વધુ ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગે આગામી બે દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. શહેરના સેન્ટ્રલમાં ૨૦ મીમી, વરાછા-એમાં ૨૦ મીમી, વરાછા-બીમાં ૨૬ મીમી, રાંદેરમાં ૨૧ મીમી, કતારગામમાં ૨૮ મીમી, ઉધનામાં ૫ મીમી, લિંબાયતમાં ૧૩ મીમી, અઠવામાં ૯ મીમી વરસાદ નોંધાયો હતો. આ સાથે શહેરનો સિઝનનો કુલ વરસાદ ૪૫.૪૩ ઈંચ થયો છે. જ્યારે બારડોલીમાં ૧૫ મીમી વરસાદ ખાબક્યો હતો.

## અમેરિકા સ્થિત ડોક્ટર રબારા સાહેબનું માણાવદરમાં જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ તથા સ્થાનિક પત્રકારો દ્વારા જાહેર સન્માન કરવામાં આવ્યું

માણાવદરના પનોતા પુત્ર અને અમેરિકામાં તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા ડો. હિતેશભાઈ પી. રબારા અમેરિકામાં બેસીને પણ માણાવદર વિસ્તારમાં કોરોના કેશો જ્યારે વધી રહ્યા હતા ત્યારે માણાવદરમાં કોવીડ સેન્ટર અને તેમાં ઉપયોગી ઓક્સિજન ઓક્સોમીટર, કોન્સોસ્ટ્રેટ મશીન અને જરૂરિયાત મુજબની તમામ વસ્તુઓ તેમને માણાવદર પહોંચતી કરી હતી અને માણાવદરનું ઋણ અદા કર્યું હતું. ડો. હિતેશભાઈ રબારા અમેરિકાસ્થિત કડવા પાટીદાર સમાજ નોર્થ ઓફ અમેરિકા નામની સંસ્થા સાથે સંકળાયેલા છે અને લોકસેવાના કાર્યો કરે છે.



માણાવદરની સેવાભાવી સંસ્થા જલારામ ચેરીટેબલ ટ્રસ્ટના સેવાકીય કાર્યોથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા છે તેઓ અમેરિકામાં બેસીને પણ એકાતરા ફોન આ સંસ્થાને કરીને જરૂરિયાત પૂરી પાડવા કટિબદ્ધ રહ્યા હતા અને રહ્યા છે. આજે જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ તથા સ્થાનિક પત્રકારો જીગ્નેશ પટેલ અને હિતેશ પંડ્યા દ્વારા અમેરિકાના ડો. હિતેશભાઈ રબારા તથા માણાવદર સિવિલ હોસ્પિટલના ડો. ભાર્ગવ ભાદરકા સાહેબનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

તસવીર અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલે આજે મુખ્યમંત્રી તરીકેનો પદભાર સંભાળ્યા બાદ સૌ પ્રથમ દિવસે જ એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલે આજે મુખ્યમંત્રી તરીકેનો પદભાર સંભાળ્યા બાદ સૌ પ્રથમ દિવસે જ એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને સૌરાષ્ટ્ર અને ખાસ કરીને જામનગર રાજકોટ જિલ્લા અને શહેરમાં ભારે વરસાદ ને કારણે સર્જાયેલી પરિસ્થિતિ ની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રી એ જામનગર ના કલેકટર સાથે ટેલિફોન પર વાતચીત કરીને બચાવ અને રાહત કામગીરી તેમજ પાણીમાં ફસાયેલા લોકો ને એન ડી આર એફ ની મદદ થી સ્થળાંતર કરવા ની સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.



તેમણે રાજકોટ માં ભારે વરસાદ ને કારણે આજી ૨ ડેમ ની જળાશય ની સ્થિતિ અંગે વિગતો મેળવી નીચાણ વાળા વિસ્તારો ના લોકો ને સલામત સ્થળે સત્વરે ખસેડવા રાજકોટ મ્યુનિસિપલ કમિશનર અને કલેકટર ને તાકીદ કરી હતી. રાજકોટ માં ૧૧૫૫ લોકો જે આજી ના નીચાણ વાળા વિસ્તારમાં રહે છે તેમને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હોવાની વિગતો મેળવી હતી. શ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલે એન.ડી. આર એફ ની ૩ ટીમ રાજકોટ માટે અને ૨ ટીમ જામનગર માટે ભાટિંડા થી મગાવવાની વ્યવસ્થા કરવા તંત્રવાહકો ને સૂચના આપી હતી.

તેમણે ખાસ કરીને બચાવ રાહત કામગીરી ને પ્રયોરિટી આપવા સૂચનાઓ આપી હતી.

મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર,મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસ નાથન,અધિક મુખ્ય સચિવ એ. કે.રાકેશ તેમજ મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે દાસ, રાહત કમિશનર આદ્રા અગ્રવાલ તેમજ મુખ્યમંત્રી ના ઓ એસ ડી શ્રી ડી એચ શાહ આ બેઠકમાં જોડાયા હતા.

## અધ્યક્ષ અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન દિલ્લીના અધ્યક્ષ ગૌ વિજ્ઞાનપરીક્ષામાં ઉત્તીર્ણ

ભારતીય ગૌ વિજ્ઞાન પરીક્ષા સમિતિ (વિશ્વ હિન્દુ પરિષદ) ગૌ રક્ષા સંસ્થા આર કે પૂરમ નવી દિલ્હી દ્વારા આયોજિત પરીક્ષા માં મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ના પ્રમુખ શ્રી, ભારત માતા અભિનંદન સંગઠન સંસ્થા હરિયાણા ના ગુજરાત પ્રદેશ ના અધ્યક્ષ શ્રી તથા અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન નોઈડા ન્યુ દિલ્લી ના ગુજરાત ના અધ્યક્ષ શ્રી સાહિત્યકાર એવંમ સામાજિક કાર્યકર શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા આજેઑન લાઈન ગૌ વિજ્ઞાન ની આપી હતી જેમાં તેઓ ઉત્તિર્ણ થયા છે. તેઓને ગુરુજી ગૌતમ ઋષિ જી અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન નોઈડા ના સંસ્થાપક અને રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે. શ્રી પટેલ દ્વારા ગીતા ડિપ્લોમા પરીક્ષા તાજેતરમાં જ પાસ કરવામાં આવી છે. તેઓને અધ્યક્ષ ખંભોળજ સાહિત્ય સંસ્થા આણંદ ના અધ્યક્ષ શ્રી શૈલેષ વાણિયા જી દ્વારા તથા ઈંડિયન લાયન્સ ગાંધી નગર સ્વર્ણિમ કલબ ના પ્રમુખ શ્રી રાધેશ્યામ ભાઇ યાદવ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ડૉ ગુલાબચંદ પટેલ



વેજલપુર વિધાનસભા માં આવેલ વિવિધ વિસ્તારો માં ગંદકી,રોડ-રસ્તા અને અન્ય પરેશાની બાબતે લોકલ ધારાસભ્ય શ્રી કિશોર ચૌહાણ ને વારંવાર રજુવાત કરવા છતા લોકલ ધારાસભ્ય ધારા આ વિસ્તાર ના વિવિધ પ્રશ્નો ના નિરાકરણ માં આંખ આડા કાન કરતા હોય તેવું આ વિસ્તાર ના લોકો નું માનવું છે.શ્રીકિશોર ચૌહાણ આ વિસ્તાર ના લોકો ના પ્રશ્ન નું નિરાકરણ કરવામાં સદંતર નિષ્ફળ રહેવા ને લીધે આજરોજ આ વિસ્તાર ના લોકો મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટી માં જોડાયા હતા.જેના લીધે આવનાર ૨૦૨૨ ના વિધાનસભા ની ચુંટણી માં આ વિસ્તાર માં મોટી ઉથલ-પાથલથશે એવું રાજકીય વિશ્લેષકો નું માનવું છે.

## કોરોના, મોંઘવારી, બેરોજગારી જવા મુદ્દાને લીધે રૂપાણીનું રાજીનામું અને નવા મુખ્યમંત્રી લવાયાનું તજજ્ઞોનું માનવુ

અમદાવાદ , તા.૧૩

ગુજરાત રાજયના રાજકારણ માં વિજયભાઈ રૂપાણીના રાજીનામાં બાદ ભુંકપ આવ્યો છે. ત્યારબાદ અનેક રાજકીય પક્ષો તેમજ તજજ્ઞો દ્વારા અવનવી અટકળો રજુ કરી છે જેમાં વિજય રૂપાણીને કોરોનામાં નબળી કામગીરી, મોંઘવારી, બેરોજગારી જેવા અનેક મુદ્દાના લીધે રાજીનામુ અપાયું હોત તેમ જણાવવામાં આવે છે આ સાથે જ કેન્દ્ર દ્વારા ગુજરાતમાં આવનારી ૨૦૨૨ની ચુંટણી માટે નવો ચહેરો લાવી તેમજ પાટીદારોના ગુસ્સાને ડામવા જેવા અનેક મુદ્દાને લીધે નવા મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્ર પટેલને નિયુક્ત કર્યાની તજજ્ઞોનું માનવું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદના ઍરપૉર્ટ પર પહોંચ્યા ત્યારે તેમને આવકારવા માટે ગુજરાત ભાજપના પ્રદેશાધ્યક્ષ સી. આર. પાટીલ અને નવનિયુક્ત મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર હતા. શાહ બીએસએફના વિશેષ પ્લૅનમાંથી નીચે ઊતર્યા કે હાથમાં બુકે લઈને પહોંચેલા પટેલ તેમની સામે લગભગ નમી ગયા હતા અને તેમના હાથ જોડાયેલા હતા. ઍરપૉર્ટ પરનાં દૃશ્યો અમિત શાહની પસંદગીના એવા રૂપાણીને હઠાવીને આનંદીબહેન પટેલ જૂથની વ્યક્તિ મુખ્ય મંત્રી બનતાં ઊભી થયેલી આંતરિક જૂથબંધીની અટકળોને ડામવા માટે ' ગુજરાતમાં ભાજપથી નારાજ પાટીદારોને પોતાની તરફ ખેંચવા માટે તથા સંગઠન અને સરકાર વચ્ચે સામંજસ્ય બેસાડવા માટે ભૂપેન્દ્ર પટેલને લાવવામાં આવ્યા છે.

જોકે, આમ કરવા જતાં અન્ય દિગ્ગજ પાટીદાર નેતા નીતિન પટેલ દેખીતી રીતે નારાજ થઈ ગયા છે. ગુજરાતના પ્રદેશાધ્યક્ષ સી. આર. પાટીલ આગામી વિધાનસભા ચૂંટણીમાં તમામ ૧૮૨ બેઠક ઉપર જીતવાની મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખે છે. અત્રે એ યાદ રાખવું ઘટે કે વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપને માત્ર ૯૯ બેઠક મળી હતી. ગુજરાતના રાજકારણના તાજેતરના ઘટનાક્રમને સમજવા માટે સાત વર્ષ પહેલાંની રાજકીય પરિસ્થિતિ ઉપર નજર કરવી પડે. મે-૨૦૧૪માં ગુજરાતના તત્કાલીન મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદી ભાજપના વડા પ્રધાનપદના ઉમેદવાર હતા. ચૂંટણીપરિણામો બાદ તેઓ દિલ્હી ગયા ત્યારે તેમણે શાસનની ધૂરા પોતાનાં વિશ્વાસુ એવાં આનંદીબહેન પટેલને સોંપી હતી, જે તેમના મંત્રીમંડળમાં મંત્રી હતાં. આ અરસામાં ઘટનાક્રમ ઝડપભેર બદલાયો અને ૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલન થયું, જેને ડામવા માટે આનંદીબહેન પટેલ સરકારે કડક હાથે કામ લીધું અને પોલીસ કાર્યવાહીમાં ૧૪ યુવકોનાં મૃત્યુ થયાં. જોકે, પાટીદારોના એક વર્ગનું માનવું હતું કે આ કાર્યવાહી અમિત શાહના કહેવાથી કરવામાં આવી હતી કોવિડ-૧૯ સમયે સરકારની કામગીરી, મોંઘવારી, બેરોજગારી જેવા મુદ્દા રૂપાણી વિરુદ્ધ ગયા હતા. વિશ્લેષકોનું માનવું છે કે આ સંપૂર્ણપણે ચૂંટણીને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલું પગલું છે. સરકાર અને સંગઠન વચ્ચે સામંજસ્ય અને સંવાદ વધે તે તેનો મુખ્ય હેતુ છે. રાજકીય વિશ્લેષક દિલીપસિંહ ક્ષત્રિયના કહેવા પ્રમાણે, ×જ્યારથી સીઆર પાટીલને ગુજરાત ભાજપના પ્રદેશાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે, ત્યારથી તેમને આગામી વિધાનસભા ચૂંટણી જીતવા માટે છુટ્ટો દોર આપવામાં આવ્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.